

## 卐 નૂતનવર્ષના ગુરુ–આશીર્વચન : તું જ દેવાધિદેવ છો 卐

જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી સમૃદ્ધ પોતે છે તેને જોવો. તું જ દેવાધિદેવ છો તેમ લેવું.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ [ દૃષ્ટિનાં નિધાન ]

કહાન સંવત–૮ □ (૫૪૧) ❊ આત્મધર્મ ❊ (અંક– ૫ વર્ષ–૪૫) □ વીર સં. ૨૫૧૫ નવેમ્બર, ૧૯૮૮

# અસંગી દ્રવ્યસ્વભાવને ઉગ્રપણે સાધવા નીકળેલા વિરક્ત આત્માનું કુટુંબીજનોને વૈરાગ્ય ભર્યું સંબોધન

卐

જેને જ્ઞાનજ્યોતિના ઝળહળતા પ્રકાશમાં ગૃહવાસ કારાગૃહ સમાન દેખાય છે, જેની વૃત્તિ સાંસારિક કાર્યોથી ઉદાસ–ઉદાસ થઈ ગઈ છે, ને જે ચારિત્રદશા અંગીકાર કરવા, ઘર-બાર છોડવા તત્પર બન્યો છે એવો મોક્ષાર્થી જીવ, પોતાના કુટુંબીજનોની વિદાય લેતાં, તેઓને વૈરાગ્યની પ્રેરણા આપતાં, કહે છે કે :

હે સ્નેહીજનો! તમે જાગો, મનુષ્યભવ અત્યંત દુર્લભ છે. અજ્ઞાનમાં રહીને સદ્વિવેક પામવો અશક્ય છે. આખો લોક કેવળ દુઃખથી સળગ્યા કરે છે, અને પોત-પોતાનાં ભાવ કર્મો વડે અહીં તહીં ભમ્યા કરે છે. એવા સંસારથી મુક્ત થવા હે જીવો! તમે સત્વર આત્મભાન સહિત જાગો! જાગો!

હે જીવો! આ સ્નેહીજનોનો સંયોગ તો ઊંચા પહાડની ટોચ પર પવનના ઝપાટા ખાતા દીપક જેવો ચંચળ છે. વળી તેઓ તો માત્ર ભોજનાદિ ગૃહકાર્યોમાં જ સાથ આપી શકે છે, પરંતુ મૃત્યુ સમયે તે સર્વે વ્યર્થ છે.

હે કુટુંબીજનો! હું મારા અતીન્દ્રિય આનંદમાં વસવાટ કરવા જઈ રહ્યો છું. માટે તમે મને સ્નેહબંધનમાં જકડયા વિના પ્રેમથી વિદાય આપો.

હે આ પુરુષના (આત્માના) શરીરના બંધુવર્ગમાં વર્તતા આત્માઓ! હું જરાયે તમારો નથી ને તમે જરાયે મારા નથી, માત્ર ભ્રાંતિથી તેવી માન્યતા હતી. જ્ઞાનજ્યોતિ વડે એવા ભ્રમને છોડો ને અનાદિ બંધુ એવા નિજ-આત્મા સાથે સંબંધ સાધો. અમને તો આવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ હોવાથી હવે અમે અમારા આત્મબાંધવનો વિરહ સહન નહીં કરી શકીએ, માટે મને દીક્ષા લેવાની રજા આપો.

અહો! આ પુરુષના શરીરના જનક તથા જનનીના આત્માઓ! તથા આ પુરુષના શરીરના પુત્રના આત્મા! નિશ્ચયથી એમ જાણો કે અમારે ને તમારે જનક–જન્ય એવો કોઈ સંબંધ છે જ નહીં. અમારો જનક-જન્ય સંબંધ માત્ર નિજ-આત્મામાં દ્રવ્ય–પર્યાય વચ્ચે જ છે. હવે અમે તેના સહવાસમાં વસવાટ કરવા જઈ રહ્યા છીએ; માટે વિદાય આપો.

હે આ પુરુષના શરીરની રમણીના આત્મા! આ શરીરની રમણી તે આત્માની રમણી નથી, આ પુરુષના આત્માને તારા આત્માએ રમાડયો જ નથી. આજે આ આત્મા સ્વાનુભૂતિરૂપી જે પોતાની અનાદિની રમણી તેની પાસે જઈ રહ્યો છે, અર્થાત્ ત્રિકાળ

[ અનુસંધાન માટે જુઓ પાના નં. ૨૩ ]

કહાન
સંવત-૮
વર્ષ-૪૫
અંક-૫
[ ૫૪૧ ]

વીર
સંવત
૨૫૧૫
સં. ૨૦૪૫
NOV.
A. D. 1988




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ઉપકૃતભાવભીની શ્રદ્ધાંજલિ :

### શ્રુતલબ્ધિવંત ગુરુકહાનને

હે પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ! આજે આ આઠમા વાર્ષિક સમાધિદિને આપના અપાર ઉપકાર-સ્મરણપૂર્વક દ્રવિત હૃદયે આપના ચરણોમાં કોટિ કોટિ વંદન...અગણિત વંદન...

પ્રભો! ભરતચક્રી જેવા તદ્ભવ મોક્ષગામી પુરુષોત્તમ પુરુષ પણ પ્રભુના નિર્વાણ-પ્રસંગે રડતા હતા...તો આવા કપરા કળીકાળે અમારું તો—મુમુક્ષુ સમાજનું તો—સર્વસ્વ આપ જ હતા, ભવસમુદ્રમાંથી પાર ઉતારનાર તારણહાર તો આપ જ હતા....તેથી આપની આ પુણ્યસ્મૃતિ પ્રસંગે આપનો વિરહ તો સદાય વસમો લાગે જ; પરંતુ આપના અગણિત-અપાર ગુણ-મહિમા અને ઉપકારોના સ્મરણ વડે તે વિરહનું સમાધાન પામીને આપે પ્રરૂપેલાં માર્ગે ઉગ્ર પુરુષાર્થ વડે આગળ વધવાની પ્રેરણા પામીએ એવી ભાવના...

હે પ્રભો! આવા દુષમ પંચમકાળે મહા સમર્થ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય પાકયા કે જેમણે સાક્ષાત્ સીમંધરપ્રભુની વાણી ઝીલીને શ્રી પ્રવચનસાર, શ્રી સમયસાર આદિ પરમાગમોમાં ગૂંથીને, પંચમકાળમાં

મનુષ્યભવ ધારણ કરનારા ભવ્ય જીવોને આત્માનુભૂતિનો માર્ગ પ્રકાશીને અનંત ઉપકાર કર્યો. મહા સમર્થ આચાર્યદેવ શ્રી અમૃતચંદ્રાચાર્યે તે જિનવાણી—શ્રી પ્રવચનસાર શ્રી સમયસાર આદિ પરમાગમો ઉપર ટીકા રચીને, ઉત્તરોત્તર અલ્પ બુદ્ધિધારક જીવોને ભગવાન શ્રી કુંદકુંદદેવના હાર્દને સરળ રીતે સમજાવીને અનંત ઉપકાર કર્યો. કાળદોષે ઉત્તરોત્તર જીવોની બુદ્ધિ ક્ષીણતા પામતી હતી તેવા કાળે ભગવાન શ્રી સીમંધરસ્વામીની સભાના રાજકુમારે—આપશ્રીએ વિદેહક્ષેત્રથી ગુરુકહાનરૂપે અત્રે પધારીને, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને શ્રી અમૃતચંદ્રાચાર્યે પ્રરૂપેલ સ્વાનુભૂતિના માર્ગને, અમ અલ્પબુદ્ધિવંત જીવોને અત્યંત સરળતાપૂર્વક સમજાવીને સ્વાનુભૂતિના માર્ગે ચાલવાના કોડ જગાડીને આપે જે ઉપકાર કર્યો છે એનું વર્ણન કયા શબ્દોમાં થઈ શકે?

પ્રભો! વર્ષો સુધી નિરંતર શ્રવણ કરેલાં આપના અધ્યાત્મ-ઉપદેશનું સ્મરણ કરતાં જ આપની મહાનતા પ્રત્યે અમારું શિર ઝૂકી જાય છે. પ્રભો! જે રીતે સર્વોત્કૃષ્ટ ગંભીર અરિહંત ભગવાનની દિવ્યધ્વનિમાં માત્ર ૐરૂપે વાણી છૂટતાં મોટા મોટા સમર્થ આચાર્યો તો અધ્યાત્મના હાર્દને પામી જાય પણ દેડકું ને ચકલું ને સસલું પણ એ દિવ્યધ્વનિના હાર્દને પામીને આત્મકલ્યાણ પામી જાય. એવી રીતે તીર્થંકરની સભામાં સાક્ષાત્ શ્રવણ કરીને અત્રે આવેલા અને ભવિષ્યમાં એ દિવ્યધ્વનિની વર્ષા કરનાર હે સાતિશય પુણ્યવંતા ગુરુદેવ! આપની વાણી પણ એવી અદ્ભુત ને ચમત્કારિક હતી કે મોટા મોટા વિદ્વાનો તો સ્વાનુભૂતિના માર્ગને સમજી જતાં પણ ચાર ચોપડી ભણેલાં—અરે! તદ્દન અભણ પણ સરળ ચિત્ત ઊંડા જિજ્ઞાસુ પાત્ર જીવો પણ—આપના અધ્યાત્મ-ઉપદેશનો તાગ પામી જતાં એ બધો આપની સાતિશય વાણીનો પરમ પ્રભાવ છે.

પ્રભો! આપના અધ્યાત્મ-ઉપદેશનાં શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત ભવ્ય જીવોને, એકાંતે દ્રવ્યને માનતા ને પર્યાયને નહિ માનતા; એકાંતે પર્યાયને માનતા ને દ્રવ્યને નહિ માનતા; નિશ્ચય તો જાણે મુનિઓ માટે હોય ગૃહસ્થને તો વ્યવહાર વડે જ ધર્મસાધના થાય; ભગવાનની ભક્તિમાત્રથી

ધર્મ કર્યાનો સંતોષ માનતા—ઇત્યાદિ મતાગ્રહ તો કયાય અદશ્ય થઈ ગયા પણ સાથોસાથ છ દ્રવ્ય નવ તત્ત્વો અને જીવનાં સ્વરૂપના યથાર્થ જ્ઞાન સહિત, પર્યાયમાત્રની અત્યંત ગૌણતાપૂર્વક દ્રવ્યની દૃષ્ટિનો સમ્યક્ એકાંત માર્ગ આપના પ્રતાપે સર્વ મુમુક્ષુઓ પામ્યા તે બધો આપની વાણીનો પરમ પ્રભાવ છે.

હે પ્રભો! જે રીતે આપ મહા ગંભીર હોવા છતાં આપનું હૃદય અત્યંત નિખાલસ અને અત્યંત સરળ હતું એ રીતે આપના જ્ઞાનને અનુસરીને વહેલી ઉપદેશધારા પણ અત્યંત ગંભીર અધ્યાત્મમાર્ગને પ્રકાશનારી હોવા છતાં આપના હૃદયના જે જે ઊંડા ભાવો હતા તે તે ભાવો વાણીમાં એટલા સરળતાપૂર્વક વહેતાં કે સાચી જિજ્ઞાસાવૃતિ ને સરળચિત્તે તે વાણીનું શ્રવણ કરનાર શાસ્ત્રનો અણ-અભ્યાસી પણ એ વાણીને સાંભળીને સમ્યક્ એકાંત એવા દૃષ્ટિપ્રધાન માર્ગને સરળપણે ગ્રહણ કરી લેતો.

હે ધર્મપિતા! આપના અધ્યાત્મ-ઉપદેશના પ્રભાવનું કયાં શબ્દોમાં વર્ણન કરીએ? વર્ષો સુધી જિન-આગમોનું પઠન-પાઠન કરનારા વયોવૃદ્ધ વિદ્વાનો પણ પરમાગમોના શબ્દાર્થથી આગળ વધીને જેના ઊંડાણ સુધી નહોતા પહોંચી શકતા એવા આચાર્યદેવના ગહન કથનોના શબ્દાર્થની પેલે પાર છૂપાયેલા ભાવાર્થ સુધી આજે આપના ભક્તો પહોંચી શકયા છે એ આપના ઉપદેશનો જ પ્રભાવ છે.

પુણ્યવંતા પુરુષોને કુદરત પણ સાથ દેતી હોય છે તે સર્વવિદિત વાત છે. પ્રભો! આ કાળે વિજ્ઞાને ટેપ-રેકોર્ડરનું સંશોધન કરીને, આપની અધ્યાત્મ-ઉપદેશગંગાને ટેઈપમાં સમાવી લેવામાં કુદરતે સાથ આપ્યો. આપના સાડા આઠ હજાર ટેપ-પ્રવચનો વર્તમાન ભવ્ય જીવોને પરમાગમોના હાર્દ સુધી પહોંચવામાં તો સહાયક બન્યા જ છે પરંતુ ભાવી પેઢીના જિજ્ઞાસુઓને માટે પણ તે પરમ ઉપકારી બનશે. આપના સાક્ષાત્ દર્શન નહીં પામનાર જિજ્ઞાસુ જીવોને પણ વસ્તુ સ્વરૂપના યથાર્થ જ્ઞાન સહિત પર્યાયમાત્રની ગૌણતા પૂર્વકના દ્રવ્યદૃષ્ટિના માર્ગને વૈરાગ્યભીના હૃદયે પામવામાં આપની અદ્દભુત, સ્વાનુભૂતિમાર્ગ પ્રકાશક ટેપ-વાણી પરમ

ઉપકારક નીવડશે—એ પણ આપના સાતિશય પ્રભાવના ઉદયને જ પ્રસિદ્ધ કરે છે.

પ્રભો! આપનું હૃદય મહા-ગંભીર! અને એવા મહાગંભીર હૃદયમાંથી વહેલું તત્ત્વજ્ઞાન તો અત્યંત ગંભીર હતું. તોપણ આપની દિવ્યવાણી એવી ચમત્કારિક હતી કે સાંભળનાર જીવો અનેક ભ્રમણાઓથી અત્યંત સાવધાનપણે વસ્તુસ્વરૂપની યથાર્થ સમજપૂર્વક દૃષ્ટિપ્રધાન મૂળ માર્ગને સમજી શકયા. પ્રભો! એ બધો આપની મહાગંભીર દિવ્ય-વાણીનો જ પ્રભાવ છે. ખરેખર, પૂજ્ય ભગવતીમાતા કહે છે કે આપને શ્રુતની લબ્ધિ હતી તે વાત અનુભવગમ્ય છે. કેમ કે જેમ દિવ્યધ્વનિના ઓમ્નાદને દેડકું-ચકલું-સસલું સમજી લે, નિર્ગ્રંથ મુનિરાજની ભાષાને સિંહ (-મહાવીર ભગવાનનો જીવ) સમજી લે, તેમ આપના દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને આબાળ-ગોપાળ, વિદ્વાન-અભણ સૌ કોઈ સમજી જતાં એ આપની શ્રુતની લબ્ધિનો જ સાતિશય ચમત્કાર છે.

હે અનંત અનંત ઉપકારી કરુણાસાગર ગુરુદેવ! આપની ઉપ-સ્થિતિમાં આપની અનુગ્રહભરી દૃષ્ટિ પામીને જે અનેક મુમુક્ષુઓ અંતરમાં વૈરાગ્યભીના હૃદયે દ્રવ્યપ્રધાન દૃષ્ટિને સમજી શકયા છે તેઓને તેમની સમજણ દૃઢ થવામાં જેઓની સ્વાનુભૂતિવિભૂષિત અમૃતવાણી પરમ ઉપકારક છે અને નવી પેઢીને કે જેમને કાં તો આપશ્રીના દર્શન-શ્રવણનો યોગ બન્યો ન હતો અથવા તો ઉપરછલો યોગ બન્યો હતો તેઓને આપે પ્રરૂપેલ સ્વાનુભૂતિનો માર્ગ સ્પષ્ટ સમજવામાં જેઓની અમૃત-વાણી પરમ ઉપકારક બની રહી છે એવા પ્રશમમૂર્તિ ભગવતીમાતાની સ્વાનુભવ-વિભૂષિત અમૃતવાણીનો તથા તેઓશ્રીની શીતળ છત્રછાયાનો અમને સદાય લાભ મળતો રહે એવી ભાવના.

હે પ્રભો! આજના આ આઠમા વાર્ષિક સમાધિ દિને મિથ્યા-એકાંતિક મતાગ્રહોનો સહજમાત્રમાં વિધ્વંશ કરનારા વૈરાગ્ય-પ્રેરક સમ્યક્ એકાંતમયી દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મ-ઉપદેશના દૃઢ અનુસરણ-પૂર્વક આપના અસીમ ઉપકારોના સ્મરણ વડે આપના ચરણોમાં ઉપકૃત-ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પું છું.

—મુમુક્ષુસમાજ વતી સંપાદકના કોટિ કોટિ વંદન.

# સારભૂત ઉપાદેય તત્ત્વ : "આત્મા"

આ અલૌકિક ગાથા છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે નિજભાવના-નિમિત્તે રચેલા શ્રી નિયમસારશાસ્ત્રની આ ૩૮મી ગાથામાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો છે. સમ્યગ્દર્શનના વિષય-ભૂત ઉપાદેય તત્ત્વ શું છે અને હેય તત્ત્વો શું છે તે અહીં સમજાવતાં કહ્યું છે કે સહજ-શુદ્ધ-પરમ-પારિણામિક-નિજકારણ પરમાત્મા એક જ ઉપાદેય છે અને તે જ ખરેખર 'આત્મા' છે, તે સિવાય જીવાદિ સાત તત્ત્વો બહિરતત્ત્વો હોવાને લીધે હેય છે. ઉપશમ–ક્ષયોપશમ કે ક્ષાયિક સમ્યગ્દર્શનની પર્યાય તેમ જ સંવર-નિર્જરા-મોક્ષની પર્યાય પણ હેય છે, કેમકે તેના લક્ષે આત્મા ગમ્ય થતો નથી પણ તેના લક્ષે તો વિકલ્પ ઉઠે છે. તેથી સંવર-નિર્જરા ને મોક્ષની નિર્મળ પર્યાયને પણ હેય બતાવીને અહીં એક સારભૂત ત્રિકાળી ભૂતાર્થતત્ત્વનો આશ્રય કરાવ્યો છે.

[ શ્રી નિયમસાર ગાથા–૩૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ નિયમસાર મેં મારી ભાવના માટે બનાવ્યું છે એમ શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે. તેમાં આ શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ પર્યાયની વાત અહીં નથી. શુભાશુભ-ભાવ તે અશુદ્ધભાવ છે ને નિર્મળપર્યાય એ શુદ્ધભાવ, એ શુદ્ધભાવની અહીં વાત નથી. ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી પરમપારિણામિકભાવ તેને અહીં શુદ્ધભાવ કહે છે. શુદ્ધ-ભાવ પર્યાય ને આત્મા તેનો ધરનાર એવા ભેદ પણ જેમાં નથી એવો પવિત્ર ત્રિકાળીભાવ, ત્રિકાળી શુદ્ધભાવ તેની અહીં વાત છે. શુદ્ધપર્યાય કોના આશ્રયે ઉત્પન્ન થાય છે તેનો આ અધિકાર છે.

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

આ હેય ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. ધર્મનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનમાં હેય શું છે ને ઉપાદેય શું છે? તેનું આ કથન છે.

જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ બહિરતત્ત્વ છે. અહીં શુભાશુભને આસ્રવમાં ગણીને

સાત તત્ત્વો કહ્યા છે. સાત તત્ત્વોમાં સંવર-નિર્જરા ને મોક્ષ પણ આવી ગયા. અહીં તેને બહિરતત્ત્વમાં ગણેલ છે. હજી તો દયા-દાન આદિ રાગને હેય ગણતા કેટલાકને કઠણ પડે છે ને અહીં તો ત્રણલોકના નાથ ઇન્દ્રોની ને નરેન્દ્રોની હાજરીમાં એમ ફરમાવે છે કે સંવર-નિર્જરા ને મોક્ષની પર્યાય પણ બહિરતત્ત્વો હોવાથી ઉપાદેય નથી કેમ કે તે ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય આવતી નથી તેમ સંવર આદિ પર્યાયમાંથી નવી નિર્મળ પર્યાય આવતી નથી માટે પરદ્રવ્ય છે, એ પરદ્રવ્યની પાછળ શુદ્ધભાવ છે. પ્રભુ! તારી ચીજ એવી છે કે જેની આગળ સંવર-નિર્જરા-મોક્ષની પર્યાય પણ પરદ્રવ્ય છે, કેમ કે એ પર્યાય પણ પર્યાયના આશ્રયે ઉત્પન્ન થતી નથી.

સંવર-નિર્જરા ને મોક્ષની પર્યાયને અહીં પરદ્રવ્ય કહ્યું છે, કેમ કે તે પર્યાય છે ને પર્યાયની મુદ્દત એક સમયની છે ને ભગવાન આત્મા તો નિરંતર વર્તમાન ધ્રુવ છે. ભગવાન આત્મા વર્તમાન શુદ્ધભાવ, વર્તમાન ધ્રુવભાવ છે. આહાહા! હજુ તો આવી શ્રદ્ધા પણ કરતો નથી તો ભવ એમ ને એમ ચાલ્યો જશે ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે તો કલ્યાણરૂપ, શ્રાવકને પણ એ ત્રણે કહ્યા છે, પણ તેને અહીં બહિરતત્ત્વ કહેલ છે.

જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને કારણે ઉપાદેય નથી અર્થાત્ હેય છે. જીવની એક સમયની પર્યાય, અજીવના જ્ઞાન સંબંધીની પર્યાય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ-એ સાતે તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાના કારણે હેય છે. આત્માના આશ્રયે ઉત્પન્ન થઈ છે એ ત્રણે પર્યાયને--સંવર, નિર્જરા, મોક્ષને ઉપાદેય નથી તેમ કહ્યું છે. આહાહા! રળવું-કમાવું, ખાવું-પીવું આદિ પરદ્રવ્યની પ્રવૃત્તિમાં તો એકલું પાપ જ છે, પણ દયા-દાન આદિ શુભભાવથી નીકળીને જે મોક્ષમાર્ગમાં આવ્યો છે એ મોક્ષમાર્ગની પર્યાયને પણ ઉપાદેય નથી તેમ કહ્યું છે. આત્માના આશ્રયે જે આનંદ આવ્યો તેને પણ અહીં પરદ્રવ્ય કહેલ છે. કેવળજ્ઞાનની પ્રગટ પર્યાય પણ એક સમયની છે. ત્રિકાળી ધ્રુવ પ્રગટમાં આવતું નથી કે આવરણમાં પણ આવતું નથી.

જીવાદિ સાતતત્ત્વ ઉપાદેય કેમ નથી?-કે તેઓ પરદ્રવ્ય હોવાથી ઉપાદેય નથી. છે તેનું જ્ઞાન કરવું, પણ તે આશ્રય કરવા લાયક નથી. જો આ સાત તત્ત્વોને ઉપાદેય માની લે તો આત્માને હેય માન્યો છે. કેમ કે સાત તત્ત્વોને ઉપાદેય માને તો ત્રિકાળી લક્ષમાં રહેતો નથી.

ત્યારે ઉપાદેય કોણ છે એ હવે કહે છેઃ—

મુનિપણું કેવું હોય છે?-કે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે. વૈરાગ્ય એટલે? કે સહજ ત્રિકાળી તત્ત્વનું જ્ઞાન ને પુણ્ય-પાપના ભાવની વિરક્તિ એ વૈરાગ્ય, તેને મુનિપણું કહે છે; સ્ત્રી-પુત્ર આદિ છોડીને જંગલમાં વસે માટે મુનિપણું

એમ નથી. સહજ વૈરાગ્ય એટલે કે સમ્યગ્દર્શન સહિત ને પુણ્ય-પાપથી રહિત એવા વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખમણિ મુનિ છે. સાત તત્ત્વોરૂપ પરદ્રવ્યથી જે પરાન્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ જેને છે, જે પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે—એવા આત્માને "આત્મા" વાસ્તવમાં ઉપાદેય છે. સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે ને પરદ્રવ્યથી જે પરાન્મુખ છે એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. સમ્યગ્દષ્ટિને, મુનિને કે જે પરદ્રવ્યથી પરાન્મુખ છે ને સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.

દયા-દાન આદિ વિકલ્પ ઉઠે તે ઉદયભાવ છે, તેનાથી આત્મા અગોચર છે, તેનાથી આત્મા જાણવામાં નથી આવતો. ઉપશમ ભાવ છે તેનાથી આત્મા જણાય છે પણ ઉપશમ-ભાવના આશ્રયે આત્મા જણાતો નથી. ચાર ભાવાંતરોથી આત્મા અગોચર છે. ઔદયિક આદિ ચાર ભાવોથી આત્મા અગોચર છે. ક્ષાયિકભાવના આશ્રયે આત્મા જણાતો નથી. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવથી આત્મા ગમ્ય છે પણ ચાર ભાવાંતરોથી આત્મા અગમ્ય કહ્યો, તેનો અર્થ એ કે ઉપશમ આદિ ભાવોના આશ્રયે આત્મા જણાતો નથી માટે ચાર ભાવાંતરોથી આત્મા અગોચર છે. પોતાનો જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેનાથી અનેરા ભાવો તે ભાવાંતર છે. દ્રવ્યસ્વભાવથી ક્ષાયિકભાવ અન્યભાવ છે, અનેરો ભાવ છે, ભાવાંતર છે, તેના આશ્રયે આત્મા જણાય તેવો નથી તેથી ચાર ભાવાંતરોના આશ્રયે આત્મા અગોચર છે.

શ્રી પ્રવચનસારની ૮૦ મી ગાથામાં એમ કહ્યું કે જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે. એ તો નિમિત્તની વાત છે, ખરેખર તો પોતાના પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરે એ પણ વિકલ્પ છે, પરવશ છે, પરલક્ષ છે. અહીં તો કહે છે કે 'આત્મા' ખરેખર ઉપાદેય છે. ઉપાદેય કરનારી પર્યાય છે પણ તે 'આત્મા' ને ઉપાદેય કરે છે, ઉપાદેય કરનારી પર્યાયને તો અહીં પરદ્રવ્ય કહી છે. ઉદયાદિ ચારે ભાવાન્તરોથી આત્મા અગોચર છે. ઉદય ભાવથી તો અગોચર છે પણ સમ્યગ્દર્શનના ઉપશમ આદિ ત્રણે ભાવોથી પણ આત્મા અગોચર છે એટલે કે એ ત્રણ ભાવોના આશ્રયે આત્મા ગોચર થતો નથી. સમ્યગ્દષ્ટિને આત્મા ગોચર છે પણ આત્માને ગોચર કરનારી પર્યાયનો સમ્યગ્દષ્ટિને આશ્રય નથી. સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા ગમ્ય થઈ જાય છે, આત્માનો વિરહ રહેતો નથી પણ એ પર્યાયના આશ્રયે આત્મા ગમ્ય થતો નથી. ચાર ભાવાન્તરોથી આત્મા ગમ્ય થતો નથી તેનો અર્થ કે તેના આશ્રયે આત્મા ગમ્ય થતો નથી.

કારણપરમાત્મા આઠ પ્રકારના જડ દ્રવ્યકર્મોથી રહિત છે, રાગાદિ ભાવકર્મોથી રહિત છે, નોકર્મથી રહિત છે, અરે! મતિજ્ઞાનથી પણ રહિત છે. કેમ કે મતિજ્ઞાન એ હીનદશા છે-જ્ઞાનની અપૂર્ણ દશા હોવાથી તે વિભાવગુણપર્યાય છે, તેથી તેનાથી રહિત

છે. જે મતિજ્ઞાનમાં આત્મા જણાયો એ સમ્યક્ મતિજ્ઞાનથી રહિત કારણપરમાત્મા છે. રાગનો તો આત્મામાં અભાવ છે પણ જે મતિજ્ઞાનથી આત્મા જણાયો એ મતિજ્ઞાન વિભાવગુણપર્યાય હોવાથી તેનાથી રહિત કારણપરમાત્મા હોવાથી, જેનો કારણપરમાત્મામાં અભાવ છે એવા વિભાવગુણપર્યાયના આશ્રયે કારણપરમાત્મા જણાતો નથી.

આત્મા અનાદિ અનંત છે. છે તેની આદિ શું? છે તેનો નાશ શું? ને છે તે સ્વભાવથી ખાલી કેમ હોય? છે તે સ્વભાવ વિના રહે નહીં. સ્વભાવવાન છે તે સ્વભાવ વિના રહે નહીં. એ સ્વભાવ કેવો છે?—કે અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો છે. અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ ભર્યો છે. શુદ્ધ–સહજ–પરમ–પારિણામિકભાવ તેનો સ્વભાવ છે. શ્રી સમયસારની છઠ્ઠી ગાથામાં જેને પ્રમત્ત–અપ્રમત્ત રહિત જ્ઞાયકભાવ કહ્યો, ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહ્યો તેને અહીં પરમપારિણામિકભાવ કહ્યો છે. કારણપરમાત્મા કહો, ત્રિકાળી ધ્રુવ કહો, પરમપારિણામિકભાવ કહો, તે 'આત્મા' છે. ઉપર જે કહ્યું કે "આત્મા" ખરેખર ઉપદેય છે, તે આત્મા કોણ?—તેની આ વાત કહી.

પર્યાય પણ આત્મા છે, પણ વ્યવહારનયથી આત્મા છે, એ કાંઈ ખરેખર આત્મા નથી. સહજ–શુદ્ધ–પરમ–પારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવા કારણપરમાત્માને જ નિશ્ચય આત્મા કહે છે કે જે અવિપરીત, આવરણ રહિત, પર્યાય રહિત છે અને અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.

અતિ આસન્નભવ્ય જીવોને એટલે કે જેને સંસારનો કિનારો આવી ગયો છે મોક્ષ પામવાને અલ્પકાળ બાકી રહ્યો છે એવા અતિ આસન્નભવ્ય જીવોને ત્રિકાળી જ્ઞાયક આત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. નિજ પરમાત્મા કે જેમાં પર્યાયનો અભાવ છે એવો નિજ પરમાત્મા જ અતિ આસન્ન ભવ્યોને ઉપાદેય છે.

શું કરવું?–કે જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં પર્યાયને લઈ જવી. જ્યાં ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે તેની સમીપમાં જા, એનો સ્વીકાર કર, એ જ તારે આદરણીય છે, એ સિવાય કાંઈ ઉપાદેય નથી. ત્રણ લોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે તે, જેની ભવ્યતા પાકી ગઈ છે, જે અતિ આસન્નભવ્ય જીવ છે તેને ઉપાદેય છે, તે સિવાય 'न किंचित् उपादेयम्' કાંઈ પણ ઉપાદેય નથી.

સાત તત્ત્વોમાં–સર્વ તત્ત્વોમાં સાર એક જ છે—શું? કે ત્રિકાળી આત્મા એક જ સાર છે. સર્વ તત્ત્વોમાં એમ કહીને એક માત્ર આત્મા જ છે ને સંવર આદિ પર્યાય નથી એ વાતનો નિષેધ કર્યો. અહીં તત્ત્વો કહેતાં સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાય છે એમ સિદ્ધ કર્યું, પણ સર્વ તત્ત્વોમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ સાર છે, ત્યાં પર્યાયને લઈ જવી છે. એક સમયની પર્યાયની પાછળ જે ત્રિકાળી આત્મા છે તે એક જ સાર છે.

જે સમસ્ત નાશ પામવા લાયક ભાવોથી દૂર છે અર્થાત્ રાગાદિ ભાવ તો નાશવાન

છે પણ સંવર-નિર્જરાની પર્યાય પણ નાશવાન છે. અરે! કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે, કેમ કે પર્યાય છે તે એક સમયની છે. શરીરાદિ કે રાગાદિ તો નાશવાન છે પણ કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે. પર્યાય વર્તમાન છે તેમ વસ્તુ પણ વર્તમાન છે. પરંતુ પર્યાય વર્તમાન છે તે બીજે સમયે નાશવાન છે અને વસ્તુ વર્તમાન છે તે અવિનાશી છે. પર્યાયમાત્ર નાશવાન છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ નાશવાન છે કે જે નિજ પરમાત્માના આશ્રયે ઉત્પન્ન થઈ છે. ઉત્પન્ન થઈને? ઉત્પન્ન થઈ તે નાશ થાય જ, ભગવાન આત્મા ઉત્પન્ન થયો નથી તેથી તેનો નાશ પણ નથી અને તેના અવલંબે ઉત્પન્ન થતી જે પર્યાય છે તે નષ્ટ થવા લાયક છે. ક્ષાયિક કેવળજ્ઞાન, ક્ષાયિક કેવળદર્શન, ક્ષાયિક વીર્ય, ક્ષાયિક આનંદ એ પણ નાશવાન છે, કેમ કે તે પર્યાય છે અને ત્રિકાળી તત્ત્વ તેનાથી દૂર છે—એવું ત્રિકાળી તત્ત્વ જ ઉપાદેય છે, તે સિવાય કાંઈ પણ ઉપાદેય નથી.

## 卐 શુદ્ધાત્માનું ધ્યેય રાખવું 卐

* દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા અપાર છે, અંતરમાં શુદ્ધાત્માનો મહિમા લાવીને ધ્યેય એનું જ રાખવું; નિરંતર એનું જ ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરવો. એ જ કરવાનું છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે પણ લાલપીળા ફૂલની છાયામાં તે લાલપીળો દેખાય છે. તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો (લાલપીળો) થયો નથી; તેમ ચૈતન્યપદાર્થ સ્વભાવે નિર્મળ છે પણ તેની પરિણતિમાં ક્લેશની કાલિમાને લઈને અનેક જાતનાં વિભાવો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો થઈ ગયો નથી, અંતરમાં દૃષ્ટિ કરે તો શુદ્ધ છે. માટે શુદ્ધાત્મા પર દૃષ્ટિ કરી, એની જ લગની, એની જ ધૂન અને એનું જ દિવસ ને રાત—ક્ષણે ક્ષણે—ભેદજ્ઞાન કરવાનું કે 'આ જે વિભાવો છે તે મારો સ્વભાવ નથી, હું તેમનાથી જુદો—ન્યારો ચૈતન્યમય છું.' એની જ લગની લગાતાર લાગે તો એ નિર્વિકલ્પ તત્ત્વ—સ્વાનુભૂતિ—પ્રાપ્ત થયા વગર રહે જ નહિ. —પૂજ્ય બહેનશ્રી [દૃષ્ટિનાં નિધાન]

## શુદ્ધાત્મ–અવલોકન  जाण अलिंगग्गहणम् ।

[ શ્રી પ્રવચનસાર, ગાથા–૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના વીસ બોલ ચાલે છે, તેમાં પ્રથમ પાંચ બોલ નાસ્તિના અને એક અસ્તિનો એમ છ બોલ ચાલ્યા. હવે ઉપયોગની વાત ચાલે છે.

**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે, આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૭.**

અહીં એમ કહે છે કે જે જાણવા–દેખવાનો ઉપયોગ છે તેને આલંબન આત્માનું છે, આત્માના આલંબને જે કાંઈ ઉપયોગ થાય તેને ઉપયોગ કહેવામાં આવે છે, એ ઉપયોગને જ્ઞેય પદાર્થનું આલંબન નથી એટલે કે જે ઉપયોગમાં જ્ઞેય પદાર્થ નિમિત્ત પડે ને ઉપયોગ થાય એ આત્માનો ઉપયોગ નહિ. પર તરફના વલણવાળી દશા એ ઉપયોગ આત્માનો નહિ. પરસત્તાના અવલંબનવાળું જ્ઞાન તે આત્માનો ઉપયોગ નહિ.

કોઈ એમ કહે છે કે "પરદ્રવ્ય કોઈનું કાંઈ કરે જ નહિ તે એકાંત છે" તો અહીં તો પરદ્રવ્યના આલંબનવાળા જ્ઞાનને પણ જ્ઞાન કહેતા નથી. ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. ઉપયોગ નામના લક્ષણથી બીજાના આલંબને ઉપયોગ પ્રગટે એવો એ નથી માટે તે અલિંગગ્રહણ છે. કર્મના નિમિત્તે વિકાર થાય નહિ–એમ વિકારનું જે જ્ઞાન થાય, જ્ઞાનમાં વિકારનું જ્ઞાન થાય, એ જ્ઞાનના વેપારમાં નિમિત્તનું આલંબન છે તેથી તે જ્ઞાન ઉપયોગ આત્માનો નહિ. રાગ થયો એ પોતાથી થયો; જ્ઞાનનો ઉપયોગ તે રાગને જાણે છે પણ રાગ જેમાં નિમિત્ત છે એવું જે જ્ઞાન તે આત્માનો ઉપયોગ નહિ. આ તો હજુ વ્યવહારશ્રદ્ધા છે, નિશ્ચયશ્રદ્ધા તો અંદરમાં આનંદનું વેદન કરવું એનું નામ નિશ્ચય શ્રદ્ધા છે. નિશ્ચય એટલે વસ્તુ જેવી છે એવી પ્રતીતમાં આવતાં વસ્તુમાં આનંદ છે તે આનંદ પણ વેદનમાં આવવો જોઈએ ત્યારે એને નિશ્ચય સમ્યગ્દર્શન —સાચી શ્રદ્ધા કહેવામાં આવે છે. આનંદનો સાગર ભગવાન, અતીન્દ્રિયમૂર્તિ પ્રભુ, એનો

ઉપયોગ ત્યારે કહેવાય કે એ અતીન્દ્રિયને સ્પર્શીને જે ઉપયોગ પર્યાય થાય એને આત્માનો ઉપયોગ કહે છે; કે જે ઉપયોગમાં આનંદનો સ્વાદ સાથે હોય.

જ્ઞાનના ઉપયોગમાં પરદ્રવ્યના આલંબનવાળો ઉપયોગ તે જીવનો નહિ, કેમ કે પરદ્રવ્યના ઉપયોગમાં બાહ્ય લક્ષ જતાં તેને આનંદ આવતો નથી. ત્યાં તો આકુળતા છે. પરસન્મુખ જ્ઞાન થાય એ થાય છે પોતાથી, કાંઈ નિમિત્તથી થતું નથી, પણ જેને નિમિત્તનું આલંબન છે તે ઉપયોગ જીવનો નહિ. જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે; અહીં ઉપયોગ નામનું લક્ષણ કહ્યું, કોનું લક્ષણ કહ્યું?–કે જીવનું, આત્માનું. હવે આત્માનું જે લક્ષણ છે તે નિમિત્તના અવલંબને થાય એ લક્ષણ જ નથી. ભાઈ! આ તો ધીરા થઈને સમજવાની વાત છે. આત્માનું લક્ષણ ઉપયોગ છે, લક્ષ્ય આત્મદ્રવ્ય છે; હવે એ ઉપયોગ નામના લક્ષણ વડે જે લક્ષણ લક્ષ્યને જાણે એવા લક્ષણમાં પરજ્ઞેયને જાણવાનું જે અવલંબન થાય તે ઉપયોગ જીવનો નહિ. આહાહા! ગજબ વાતો કરી છે ને! પરસત્તાવલંબી જ્ઞાન સમકિતીને પણ હોય પણ એ સ્વ-ઉપયોગ નહિ. એ જ્ઞાનનો–આત્માનો ઉપયોગ નહિ. જે ઉપયોગમાં નિમિત્તનું અવલંબન ને આશ્રય આવે તે ઉપયોગ આત્માનો નહિ.

ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ કહે છે કે જે જ્ઞાન–દર્શનનો ઉપયોગ છે તે આત્માનું લક્ષણ છે એટલે કે એ તો આત્માને જાણે, એ લક્ષણ પરને જાણવા તરફ વળ્યું હોય તો એ આત્માનું લક્ષણ નહિ. દ્રવ્યશ્રુતનું બાર અંગનું પર તરફના વલણવાળું શબ્દજ્ઞાન છે તે આત્માનું નહિ. ભાવશ્રુત સ્વને આશ્રયે થાય છે તે ભાવશ્રુતજ્ઞાન આત્માનું છે. જ્ઞાન આત્માનું લક્ષણ છે અને તે જ્ઞાન પરને જાણવા તરફ વળે; જેનું લક્ષણ છે તેને જાણવા ન વળે અને જેનું લક્ષણ નથી તેના તરફ વળે એ આત્માનો ઉપયોગ નહિ. ગજબ વાત છે! દિગમ્બર સન્તો સત્ય ધર્મ પ્રગટ કરીને કહે છે.

આ તો અંતરની વાતો છે. કહે છે કે પ્રભુ! તું કોણ છો?–કે જ્ઞાન–જાણવું એ લક્ષણ વડે લક્ષ્ય થાય એવો તું છો, અથવા લક્ષ્યથી જે ઉપયોગ થાય તે ઉપયોગ તારો છે. લક્ષ્ય જે વસ્તુ ભગવાન આત્મા છે તેના લક્ષે જે ઉપયોગ થાય તે ઉપયોગ જીવનો છે અને તે ઉપયોગ મોક્ષનું સાધન છે. ગજબ વાત છે. ધીરે ધીરે એને સમજવું જોઈએ ભાઈ! આ તો અધ્યાત્મની અંતરની વાતો છે. જેને જાણવાના ઉપયોગમાં પરનું આલંબન હોય તે ઉપયોગ નહિ. ઉપયોગ નામના લક્ષણનું લક્ષ્ય તો ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ છે તે તેનું લક્ષ્ય છે. અહીં તો જન્મ–મરણને ઉથાપી નાખવાની વાતો છે. ચોરાશીના અવતાર થાય એ ભાવ તો એનો નથી પણ એ પરને લક્ષે થયેલો જ્ઞાનનો ઉપયોગ પણ એનો નથી, સ્વના લક્ષથી જે ઉપયોગ પ્રગટ થાય તે ઉપયોગ મોક્ષનું કારણ છે; પરના લક્ષે જે ઉપયોગ થાય તે બંધનું કારણ છે; પરસત્તાવલંબી ઉપયોગ તે બંધનું કારણ છે.

શ્રી પરમાર્થવચનિકામાં કહ્યું છે કે 'પરસત્તાવલંબી જ્ઞાનને ધર્મી મોક્ષનું કારણ કહેતા નથી.' અરે! સમકિતી ગૃહસ્થો થઈ ગયા એમણે પણ કામ કર્યાં છે ને! જ્ઞાનસ્વભાવ એ કોઈ બંધનું કારણ નથી, તેમ કર્મનો ઉદય છે તે પરવસ્તુ છે એને લઈને બંધનું કારણ નથી; એ બે બંધના કારણ નથી તો બંધનું કારણ કોણ છે?–તો કહે છે કે રાગ ને દ્વેષના પરિણામ તે બંધનું કારણ છે, બંધ અધિકારમાં કહ્યું છે કે ઉપયોગની ભૂમિકામાં રાગ દ્વેષને કરે તે બંધનું કારણ છે, ચારેકોરથી જુઓ તો વાત એકધારી નીકળે છે.

ઉદયથી બંધ થાય તો કોઈ દિવસ બંધરહિત થઈ શકે નહિ, પોતે રાગદ્વેષનો ભાવ કરે તો તે બંધનું કારણ છે. એ રાગદ્વેષ કાંઈ કર્મથી થયા નથી કે આત્માનો સ્વભાવ નથી, ઉપાધિભાવ છે. જ્ઞાનસ્વરૂપી પ્રભુ જ્ઞાનનો સ્વના લક્ષે વેપાર કરે તે ઉપયોગ તે મોક્ષના કારણમાં આવે છે અને તેને જ જીવનો ઉપયોગ કહીએ છીએ, તે આત્મા જેમ મોક્ષના કારણમાં છે તેમ એનો ઉપયોગ પણ મોક્ષના કારણમાં છે. આહાહા! આવી વાતો છે, તે વિરલ વિરલ, વિરલ, જીવને બેસે તેવી વાત છે. વિરલા જાણે તત્ત્વને, વિરલા સાંભળે કોઈ, વિરલા જાણે કોઈ, વિરલા શ્રદ્ધે કોઈ. ઓહોહો! દિગમ્બર સંતો અને દિગંબરના ગૃહસ્થો પણ અલૌકિક વાતો કરી ગયા છે!!

ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે જ્ઞેયપદાર્થોનું આલંબન જેને નથી. ઉપયોગ નામના લક્ષણને જે જ્ઞેયો પરપદાર્થ છે–ચાહે તો તીર્થંકર ભગવાન હો, તીર્થંકર ભગવાનની વાણી હો, કે આચાર્યભગવંતરચિત શાસ્ત્રો હો—એ પરજ્ઞેયનું આલંબન જેને ઉપયોગમાં નથી એને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આ તો ચમત્કારિક અધ્યાત્મિક ગ્રંથ છે, એની વાણીમાં ચમત્કાર છે, વસ્તુમાં ચમત્કૃતિ છે, એ વાણી દ્વારા ચમત્કૃતિ ખુલ્લી કરી છે.

ઘણીવાર સમજાવીએ છીએ, કોઈ પણ નાસ્તિક જીવ વિચાર કરો કે આકાશનો ક્યાં અંત છે? આ....આ....આ....આ....આકાશ આમ ને આમ....છે...છે....છે તેનો અંત ક્યાં છે? પછી....પછી....પછી....પછી....અનંત....અનંત....અનંત....અનંત....અનંત.... અનંતને અનંતગુણા કરો એવું અનંત ચાલ્યું જાય તોય પણ આકાશનો અંત નથી તે શું ચીજ છે આ? જેની ચમત્કૃતિ ક્ષેત્રની પણ જ્યાં અનંત છે, જેના કાળની ચમત્કૃતિ ....આદિ નહિ....આદિ નહિ....તો પહેલો સમય ક્યારે? અરે પર્યાય પહેલી ક્યારે? પર્યાય તો નવી નવી થાય છે તો પર્યાય પહેલી ક્યારે?–તો પર્યાયમાં પણ ચમત્કૃતિ છે, પર્યાય પહેલી કેવી? દ્રવ્ય જેમ અનાદિ છે તેમ પર્યાય પણ અનાદિ જ છે. આ તો અંદર વિચારમાં ગોઠવે તો બેસે તેવું છે. જેના ક્ષેત્રની પણ આવી અદ્‌ભુતતા છે, અચિંત્યતા છે તો તેના જાણનાર ભગવાનની અચિંત્યતાની શી વાત કરવી? એ તો ચૈતન્યચમત્કારી પ્રભુ

ચિંતામણિરત્ન છે, જેના કાળની આદિનો વિચાર કરતાં પણ અદ્‌ભુતતા લાગે છે–કોઈ કહે કે એ તો ઇશ્વરે કર્યું તેની મહિમા અદ્‌ભુત છે. તેને કહે છે કે ઇશ્વરે કર્યું તે પહેલાં શું હતું? પહેલાં ખાલી હતું? તો ઇશ્વર પોતે કયાંથી થયા?–તો કહે કે એ તો અનાદિ હતા. તો કહે છે કે તો પછી આ વસ્તુઓ પણ ખરેખર અનાદિ જ છે. વળી ઇશ્વરને અનંત કાળ વીતી ગયો પછી વિચાર આવ્યો કે હવે સૃષ્ટિની રચના કરું, અનંત અનંત કાળ વીતી ગયો પછી થયું કે હવે કરું એનો શું અર્થ? બાપુ! તને વસ્તુની ખબર નથી. દરેક વસ્તુ ચમત્કારિક છે.

જેને કાળની આદિ નહિ, અરે એની પર્યાયની આદિ નહિ, દ્રવ્યની આદિ તો ભલે નહિ પણ પહેલી પર્યાય કઈ? દ્રવ્યની પહેલી અવસ્થા કઈ? સંસારની હાલત અનાદિની છે તેમાં પહેલી હાલત કઈ? એમ જે સિદ્ધ ભગવાન છે એમાં પહેલા સિદ્ધ કયા? તો કહે છે કે સિદ્ધ પરમાત્મદશા પણ અનાદિની છે, અનંત સિદ્ધો અનાદિથી છે. અહીં વિકૃત સંસારદશા પણ અનાદિની છે. કાળ પણ આદિ વિનાનો છે, ક્ષેત્ર પણ આદિ વિનાનું છે અને એક એક દ્રવ્યના ભાવ અંત વિનાના અમાપ શક્તિવાળા છે. જેના ક્ષેત્રનું માપ નહિ, કાળનું માપ નહિ, પર્યાયની આદિ નહિ એવો જે ચૈતન્યભગવાન એના જે ગુણો, એ ગુણનું માપ નહિ, અંત નહિ; ચૈતન્યભગવાનનો અહીં ક્ષેત્રે અંત આવ્યો છે પણ ભાવની સંખ્યાનો અંત નહિ. આહાહા! શું વાત કરે છે!! એવા અમાપ....અમાપ....જેના માપ ન મળે, પર્યાયમાં અનંતનું માપ આવી જાય પણ એ અનંતનું અનંતપણે જ્ઞાન આવી જાય. ગુણ અનંત છે તેનું જ્ઞાનમાં માપ આવી ગયું પણ તેથી તે ગુણોનું અમાપપણું છે તે તો અમાપપણે જ માપમાં આવે છે.

જૈનદર્શન એ વસ્તુનું સ્વરૂપ છે, એ કોઈ વાડો કે સંપ્રદાય નથી, જૈનદર્શનમાં જ આવી વાતો કરી છે. બીજે કયાંય આવી એક વાત પણ નથી. પરમેશ્વર ત્રિલોકનાથ એ સર્વજ્ઞ પણ અનાદિના છે. ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારાનો કોઈ દિવસ વિરહ ન હોય. લોકો કહે છે કે આ જૈનધર્મ તો એક વાણિયાનો છે એમ કરીને તેનું મહત્ત્વ કાઢી નાખે છે. વસ્તુનો સ્વભાવ જ અનાદિનો છે, દ્રવ્ય–ગુણ–પર્યાય અનાદિના છે. વસ્તુની શુદ્ધતા પણ અનાદિની છે તેમાં જરીયે અશુદ્ધતા થઈ નથી. પર્યાયમાં ગમે તેટલી અશુદ્ધતા વીતી હોય. નરકના અનંતા અનંતા દુઃખો સહન કર્યાં છતાં દ્રવ્યમાં કોઈ દી કાંઈ ઘસારો થયો છે–એમ નથી. ભાઈ! તેં એના અસ્તિત્વનો વિચાર કર્યો નથી. આવા વિચારથી અસ્તિત્વની પ્રતીતિ કરે તો નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ જાય. નિર્વિકલ્પ દૃષ્ટિ વિના આવા અચિંત્ય સ્વભાવની પ્રતીતિ કોઈ દિવસ ન આવે. જે અચિંત્ય સ્વરૂપ છે, જેના ગુણની સંખ્યાનો કયાંય ગણતરીમાં અંત નહિ કે અહીં અનંત ગુણ પૂરા થયા. શું છે આ બધું? બાપુ! વસ્તુની શક્તિનું વર્ણન સર્વજ્ઞ ભગવાને કહ્યું તેવું બીજે કયાંય નથી. એનો આત્મા પણ

અંદરથી પોકારીને કહે છે. એવા અમાપ....અમાપ જેની સંખ્યાનું માપ નહિ. માપ નથી ત્યારે જ્ઞાનમાં આવ્યું કેમ? દ્રવ્યના અમાપ ગુણનું માપ શી રીતે આવ્યું? બાપુ! અમાપ છે તેનું જ્ઞાનમાં અમાપ રીતે માપ આવ્યું છે. જેમ આકાશ અનંત છે તો જ્ઞાને અનંતને અનંતપણે જાણ્યું; કાંઈ જ્ઞાને જાણી લીધું માટે ત્યાં અનંતનો અંત આવી ગયો એમ નથી.

અરે! કોઈ દિવસ એણે અંદર વિચાર કરીને વસ્તુને અસ્તિપણે માની નથી; એમ ને એમ ઓઘે ઓઘે માનીને હાલ્યો જાય છે. અહીં તો પરમાત્મા એમ કહે કે ઉપયોગ લક્ષણ તો જીવનું છે પ્રભુ! આત્માના ઉપયોગ નામના લક્ષણ વડે આત્માનું લક્ષ થાય અને ઉપયોગ તેના લક્ષથી આવે એ સિવાય પરજ્ઞેયનું આલંબન આવીને જે ઉપયોગ ઉત્પન્ન થાય એ ઉપયોગ જીવનો નહિ. કેમ કે જ્ઞાન લક્ષણ જેનું છે એનું લક્ષ-જ્ઞાન ન કરતાં જે લક્ષણ એનું નથી એવા પરજ્ઞેયના આલંબનથી જ્ઞાન થાય એ સ્વરૂપમાં નથી. સ્વના લક્ષે ઉપયોગમાં સ્વ-પરપ્રકાશપણું આવે એ તો સ્વના લક્ષે આવેલું છે; એ જીવનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે, તો સ્વ-પરપ્રકાશકને લક્ષે જે સ્વ-પરપ્રકાશક પર્યાય પ્રગટી એ ઉપયોગ તો જીવનો ઉપયોગ છે પણ જેને સ્વના લક્ષ વિના એકલા પરના લક્ષે જ્ઞાનનો ઉપયોગ થાય તે જીવનો ઉપયોગ નહિ.

ગ્રહણનો અર્થ આવો કર્યો છે: લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે જેને એટલે આત્માને ગ્રહણ એટલે જ્ઞેય પદાર્થોનું આલંબન જેને નથી તે અલિંગગ્રહણ છે. આ તો બાપુ! વીતરાગની વાણી, સંતોની વાણી, એ તો ચમત્કારિક છે. આ કાંઈ વાર્તા-કથા નથી, ભગવત્‌સ્વરૂપ પ્રભુને વર્ણવ્યો છે. પર્યાયની આદિ નથી એને પણ જ્ઞાને સ્વના લક્ષે જાણી લીધું, કેમ કે સ્વ જાણ્યો ત્યારે અનાદિ અનંત પર્યાય સ્વને લક્ષે જણાઈ એ ઉપયોગ સ્વનો; પણ એમાં જેટલું જ્ઞાન પરના આલંબનવાળું હોય તે ઉપયોગ એનો નથી, કેમ કે ઉપયોગ લક્ષણ તો આત્માનો છે અને લક્ષણ કામ કરે છે પરને જાણવાનું.

ભાઈ! આવી વાતો છે, ભાગ્યવાનને કાને પડે તેવી વાતો છે. શું કહીએ! ભગવાનના શ્રીમુખે નીકળેલું તત્ત્વ છે; દિવ્યધ્વનિમાં સમવસરણમાં જે વાત આવી છે તે વાત આ છે. અહીં તો કેટલાક લોકો હજી શુભરાગને મોક્ષમાર્ગ માને છે તેને કહે છે કે પ્રભુ! તું ક્યાં ગયો? શું કરે છે? અહીં તો પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું નહિ તો પરલક્ષવાળો રાગ છે તે જીવને લાભ કરે એ વાત તો ક્યાંય રહી! અરે પ્રભુ શું કરે છે આ! સાંભળવા મળ્યું નથી આ. અરે! એની પ્રભુતા! એની ચમત્કૃતિ શક્તિઓ! અને ચમત્કૃતિ એની પર્યાયો!! એની એને ખબર નથી. આવો જે ભગવાન આત્મા તેની ઊંડપની શી વાત કરવી! પાતાળ કૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બહાર આવે, એમ લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાનના પાતાળકૂવામાંથી શેરડા–ફૂવારા ફાટે છે.

ઉપયોગ જેનું લક્ષણ નથી તેને–પરજ્ઞેયને ઉપયોગ જાણે તે ઉપયોગને આત્માનો ઉપયોગ ન કહીએ. જેનું લક્ષણ છે તેને તે જાણે તેને અહીં આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. જે ઉપયોગ વડે **શરણભૂત** કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એ ઉપયોગને ઉપયોગ કહે છે. પૂર્ણના લક્ષે થયેલો જે ઉપયોગ તે પૂર્ણ પર્યાયની પ્રાપ્તિના કારણરૂપ થાય તેને અહીં ઉપયોગ કહેવામાં આવે છે. આહાહા! આનો પાર નથી. શું કહીએ! એની અચિંત્યતા દેખાય છે એટલું ભાષામાં આવી શકતું નથી. ગ્રહણ એટલે જ્ઞેયપદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી. બાપુ! આ તો ચૈતન્યચક્રવર્તીને પામવાની વાતો છે. ઓલા ચક્રવર્તીના રાજ તો મિથ્યાદૃષ્ટિને હોય નહિ. સમકિત પામ્યા પછી પુણ્ય હોય એને ચક્રવર્તીપદ પ્રાપ્ત થાય. જેમ મિથ્યાદૃષ્ટિના પુણ્યમાં ચક્રવર્તીપદ હોય નહિ, એમ આત્માના પરના ઉપયોગે આત્માની ચક્રવર્તી–પૂર્ણદશા પ્રાપ્ત થાય નહિ. શાસ્ત્રમાં વાંચીને કાઢવાનું આ કે સ્વનું લક્ષ કરવું તે ઉપયોગ-લક્ષણ અને તેનાથી આત્માનું કલ્યાણ છે. રાગથી તો કલ્યાણ નહિ, શુભજોગથી તો મોક્ષમાર્ગ નહિ, પણ પરાલંબી જ્ઞાનથી પણ મોક્ષમાર્ગ નહિ. કેમ કે ભગવાન મુક્તસ્વરૂપ આત્મા અબંધસ્વરૂપ કહો કે મુક્તસ્વરૂપ કહો, તેને લક્ષે–આશ્રયે જે ઉપયોગ થયો તે મુક્તિનું કારણ છે. પર્યાયમાં મુક્તિનું કારણ તે છે. સમકિતીને પરાલંબી જ્ઞાન હોય છે પણ સ્વના ઉપયોગ વિના જેટલું પર ઉપર લક્ષ જાય છે તેને મોક્ષમાર્ગ કહેતા નથી.

ચિંતામણિરત્ન એક દેવ-અધિષ્ઠિત પથ્થર થાય છે, જ્યાં અંદર વિકલ્પમાં ચિંતવે કે બંગલો જોઈએ ત્યાં બંગલો તૈયાર થઈ જાય, અબજો રૂપિયા જોઈએ એમ ચિંતવે ત્યાં અબજનો ઢગલો થઈ જાય. એમ આત્મા ચિંતામણિરત્ન છે, એના તરફનું ધ્યાન થતાં શાંતિ ને આનંદના ઢગલા આવે. આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી, સ્વના લક્ષ વિનાનો પરમાં લક્ષવાળો જે એકલો ઉપયોગ છે એ જ્ઞાનને જ્ઞાન કહેતા નથી, તો પછી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામરૂપ રાગ એ આત્માને મોક્ષનું કારણ થાય એ વાત જ નથી. લોકોને આકરું લાગે પણ માર્ગ તો આ જ છે.

અરેરે! પરમાત્માના વિરહ પડ્યા! પરમાત્મપદ પ્રગટ થવાના વિરહ પડ્યા!! અહીં કહે છે કે જે શ્રુત ને મતિનો જે ઉપયોગ સ્વના આશ્રયે પ્રત્યક્ષ થાય તે ઉપયોગને વાસ્તવિક ઉપયોગ કહેવામાં આવે છે. પરલક્ષી જ્ઞાન તો પરોક્ષ છે. તેમાં સ્વ ન આવ્યો. આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની–આવા ભાવની અલિંગ-ગ્રહણમાંથી પ્રાપ્તિ થાય છે, આમાંથી આવો ભાવ નીકળે છે.

હું કારણ હોયા વિના પણ શરીર, વાણી ને મન કારણવાળાં હોવાથી

## તેઓ પોતાના વડે ખરેખર કરાય છે

શરીર, વાણી ને મનને આધારભૂત અચેતનદ્રવ્ય છે ને હું તે નથી અર્થાત્ હું અચેતનદ્રવ્ય નથી. તેથી મારા આધાર વિના પણ તેઓ પોતાને ધારી રાખે છે એટલે કે આ શરીરને હું બરાબર સાંચવું તો રહે એમ છે જ નહિ. શરીર, વાણી ને મનનું કારણ તો અચેતનદ્રવ્ય છે, તેથી હું કારણ હોયા વિના પણ તેઓ ખરેખરે કારણવાળાં છે. માટે મારી કાળજીના કારણે શરીર નીરોગ રહે છે કે મારા કારણે ભાષા મધુર બોલાય છે એમ બિલકુલ છે જ નહિ.

અહીં તો એકક્ષેત્રે નજીક રહેલાં શરીર, વાણી ને મનના કર્તા, પ્રેરક કે અનુમોદક પણ તું નથી એ વાત છે. આત્માના ક્ષેત્રથી દૂર રહેલાં પરદ્રવ્યના કર્તાપણાની વાત તો ક્યાં છે જ? પણ જે નજીક રહેલાં છે એવા શરીર, વાણી ને મન ખરેખર કારણવાળાં હોવાથી તેઓ સ્વતંત્રપણે તેમના વડે ખરેખર કરાય છે. હાલવા-ચાલવા-બોલવાદિની ક્રિયા તેના અચેતન દ્રવ્ય વડે ખરેખર કરાય છે, હું કર્તા હોયા વિના પણ તેઓ ખરેખર કરાય છે જ. તે તે સમયે તેના ક્રમબદ્ધમાં જે જે વિવિધ અને વિચિત્ર અવસ્થા થવાની છે તે તેના અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય જ છે, તેથી તેનો હું કર્તા તો નથી પણ તે તે ક્રિયા થાય તેનો હું આયોજક પણ નથી. ધંધાદિના કાર્યનો તો હું આયોજક છું જ નહિ પણ શરીર, વાણી ને મનની જે ક્રિયા થાય તે ક્રિયાનો પણ હું આયોજક નથી. મારી પ્રેરણાથી સત્યવાણી બોલાય તેમ છે જ નહિ.

સ્પષ્ટ, મધુર ને મોટેથી બોલવાની ક્રિયા થાય કે ઝડપથી –ધીમેથી ચાલવાની ક્રિયા થાય કે શરીર તંદુરસ્થ થવાની

ક્રિયા થાય તેનો કર્તા તો આત્મા છે જ નહિ પણ તે તે ક્રિયા તેના અચેતનદ્રવ્યથી થઈ તે મારી પ્રેરણાથી—મારા આયોજનથી થઈ છે તેમ પણ નથી. એ તો ઠીક, પણ તે તે ક્રિયા થઈ તેનો અનુમોદક પણ હું નથી. સત્ય બોલાયું તે ઠીક થયું—એવું અનુમોદન કરનાર પણ હું નથી. ભગવાનના દર્શન-પૂજન-ભક્તિમાં શરીરની ક્રિયા થઈ તે ઠીક થઈ—એવો અનુમોદક પણ હું નથી. કેમ કે એ તો અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય જ છે. ભાઈ! શરીર, વાણી ને મનની જે જે ક્રિયા થાય તેનો પ્રેરક કે અનુમોદક તું નથી. તું તો તેને જાણનારો જ્ઞાયકપ્રભુ છો.

એકક્ષેત્રમાં રહેલાં શરીર, વાણી ને મનની વિવિધ અને વિચિત્ર પર્યાયો એના કાળે એના જન્મક્ષણે થાય છે, એનો આધાર હું નથી, કર્તા પણ હું નથી, કારણ પણ નથી, પ્રયોજક પણ નથી અને એના કાળે પુદ્‌ગલથી થતી પર્યાયનો અનુમોદક પણ હું નથી. હું તો તેના કાળે થતી પુદ્‌ગલ પર્યાયનો જ્ઞાતા જ છું–આવી પહેલી દર્શનવિશુદ્ધિ થવી એ ભવભ્રમણના નાશનું કારણ છે.

[ શ્રી પ્રવચનસાર ગાથા–૧૬૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

શરીર, વાણી ને મન પ્રત્યે અત્યંત મધ્યસ્થપણું પ્રગટ કરતાં કહે છે કે :—

હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહિ,<br>
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહિ. ૧૬૦.

શરીર, વાણી ને મનને હું પરદ્રવ્યપણે સમજું છું કેમ કે એ તો જડ ને અજીવ છે. સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે શરીર વાણી ને મન કે જે નજીકનાં છે તેને હું પરદ્રવ્ય જાણું છું. તેથી શરીર કેમ રહે? વાણી કેમ બોલાય?—આદિ તેમના પ્રત્યે મને કંઈ પણ પક્ષપાત નથી, તે બધાંય પ્રત્યે હું અત્યંત મધ્યસ્થ છું.

શરીર, વાણી ને મનનો આધાર હું નથી, તેનો આધાર અચેતન દ્રવ્ય છે. શરીર, વાણી ને મન અજીવ પદાર્થ છે ને હું જીવ પદાર્થ છું, અજીવ પદાર્થનો હું આધાર નથી. આંગળીનો આધાર તેના પરમાણુ છે, હું તેનો આધાર નથી. પરમાણુમાં કર્તા કર્મ કરણ આદિ ગુણો છે તેથી પરમાણુ પરમાણુના આધારે રહ્યો છે, હું તેનો આધાર નથી.

નાકના પરમાણુ આત્માના આધારે રહ્યા છે એમ નથી. કાન છે તે અંદર આત્મા છે તેના આધારે રહ્યો છે એમ નથી. મારા સ્વરૂપના આધાર વિના જ ખરેખર તેઓ તેના સ્વરૂપને ધારે છે. મારી અપેક્ષા વિના જ શરીર, વાણી ને મન પોતાના સ્વરૂપને ધારણ કરે છે. દિવ્યધ્વનિનો આધાર આત્મા નથી. વાણી જેમ બોલવી હોય તેમ બોલાય—એમ નથી. જડના સ્વામીપણે તેનો આધાર હું છું એ તો મિથ્યા ભ્રાંતિ છે.

એકક્ષેત્રાવગાહે રહેલાં શરીર, વાણી ને મન તેનું પણ તું કારણ નથી. તું તો જ્ઞાયકસ્વભાવી જાણનતત્ત્વ છે, તું અજાણન તત્ત્વનું કારણ કેમ થાય? ભાઈ! તારે, શાન્તિમાં રહેવું છે ને! તો શરીર, વાણી ને મનનું કારણ તું નથી એમ માને તો તને શાંતિ રહેશે. શરીરાદિનું હું કરું; હું કરું—તો એવા અભિપ્રાયમાં તો મિથ્યાત્વનું દુઃખ છે. વળી એ શરીર તેના કાળે છૂટશે, તારું રાખ્યું રહેશે નહીં, કેમ કે એ શરીર તેના આધારે રહેલું છે, તેના કારણે રહેલું છે ને પ્રભુ! તું તો જ્ઞાયકસ્વભાવી ભગવાન છો. માટે શરીર તેના આધારે, તેના કારણે તેનામાં રહેલાં હોવાથી તું તેનો પક્ષપાત છોડીને અત્યંત મધ્યસ્થ થઈ જા.

અરેરે! મૃતક કલેવરમાં અમૃતનો સાગર ભગવાન આત્મા મૂર્છાઈ ગયો! પ્રભુ! તું કોનું કરીશ? શરીરનું જે કાર્ય થાય તે શરીરના આધારે થાય છે, આત્માના આધારે નહીં. પ્રભુ! તું તારામાં તારું કાર્ય કર, પણ પરનું કાર્ય કરવાનો તારો કોઈ અધિકાર નથી. શબ્દ લખવાનું કાર્ય કરવાનું તારા અધિકારમાં નથી. કેમ કે બીજા દ્રવ્યનો આધાર તારું દ્રવ્ય નથી.

જ્યાં ને ત્યાં મેં કર્યું મેં કર્યું; પણ ભાઈ! તે શું કર્યું? પર તારા આધારે નથી ને પરનું તું કારણ પણ નથી. તું નિમિત્ત છો પણ એ તો જ્ઞાન કરવા માટે છે, તું પરના કાર્યનું કારણ છો જ નહીં. ત્રણ લોકના નાથની આ વાણી છે. પ્રભુ! તું કોણ છો?—તું જ્ઞાનસ્વરૂપી છો. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન પરનું કારણ થાય?—ન થાય. તું તો જગતનો જ્ઞાતા છો! જગતની ચીજ જ્ઞાતાનું પરજ્ઞેય છે.

આહાહા! જગતની હોંશું ટાળી નાખે એવી આ વાત છે. હું તો જ્ઞાયક છું, હું શરીરાદિનો આધાર પણ નહીં ને તેનું કારણ પણ નથી. મારા કારણ વિના જ શરીર, વાણી ને મન વાસ્તવમાં કારણવાળાં હોવાથી તેના કારણે તેની ક્રિયાઓ થાય છે. માટે ધીરો થા ભાઈ! તે ક્રિયાને હું કરું છું—એ વાત છોડી દે. શરીર, વાણી ને મનનું હું કારણ નથી પણ તેઓ પોતે પોતાના કારણવાળાં છે, માટે શરીર, વાણી ને મનના કારણપણાનો પક્ષપાત છોડીને હું અત્યંત મધ્યસ્થ છું.

શરીર, વાણી ને મન આત્માના ક્ષેત્રે રહ્યાં છે છતાં હું તેનો કર્તા નથી એમ ન

કહેતાં શરીર, વાણી ને મનનું કર્તા અચેતન દ્રવ્ય છે—એમ પહેલાં કહ્યું. આધાર અને કારણના બે બોલ કહ્યાં તેમાં પણ હું શરીર, વાણી ને મનનો આધાર કે કારણ નથી એમ પહેલાં ન કહેતાં શરીર, વાણી ને મનનો આધાર ને કારણ અચેતનદ્રવ્ય છે, તેથી તેનો હું આધાર, કારણ કે કર્તા નથી એમ કહ્યું છે. ટીકામાં ખૂબી છે, અલૌકિક ટીકા છે.

શરીર, વાણી ને મનનો આધાર કોણ છે?—કે તેનો આધાર અચેતનદ્રવ્ય છે, હું આધાર નથી. શરીર, વાણી ને મનનું કારણ કોણ છે?—કે તેનું કારણ અચેતન દ્રવ્ય છે, હું કારણ નથી. એકક્ષેત્રે રહેલાં શરીર, વાણી ને મનની વાત કરી છે. જે એકક્ષેત્રે રહેલાં પણ નથી એવા સ્ત્રી-પુત્ર-પૈસા-મકાન આદિ તો ક્યાંક રહ્યા! શરીરથી માંડીને જગત આખું વિશ્વ છે, તે તેના આધારે રહ્યાં છે, તે તેના દ્રવ્યનાં કારણે રહ્યાં છે, હું તેનો આધાર નથી, હું તેનું કારણ નથી.

સ્વતંત્રપણે શરીર, વાણી ને મનની પર્યાયનું કરનારું તેનું અચેતનદ્રવ્ય છે, હું તેનો કર્તા નથી. શરીર, વાણી ને મનને અચેતનદ્રવ્ય સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે, હું તેનો કર્તા નથી. શરીર, વાણી ને મનનો કર્તા અચેતનદ્રવ્ય છે એમ સિદ્ધ કરીને કહે છે કે હું તેનો કર્તા નથી. મારી પ્રેરણાથી શરીર ચાલ્યું કે ઇચ્છાથી વાણી નીકળી ને?—કે ના; પ્રભુ! શરીર, વાણી ને મનના પરમાણુઓનું પરિણમન સ્વતંત્રપણે અચેતનદ્રવ્યના કર્તાપણાથી કરાય છે. હું તેના કર્તાપણામાં નથી, હું તો જ્ઞાયકપણામાં છું.

આહાહા! સંતો ઢંઢેરો પીટીને કહે છે કે શરીર, વાણી ને મનના પરમાણુઓ મારી પ્રેરણાની અપેક્ષા રાખ્યા વિના અચેતનદ્રવ્યથી સ્વતંત્રપણે કરાય છે અને હું તે નથી અર્થાત્ હું તેનો કર્તા નથી. શરીર, વાણી ને મનનું કરનારું અચેતનદ્રવ્ય છે, તેમાં હું નથી. ભિન્ન દ્રવ્યોને ભિન્નપણે બતાવનારી ગજબ શૈલી છે. કહે છે કે શરીર, વાણી ને મનની અવસ્થાને સ્વતંત્રપણે કરનારું અચેતનદ્રવ્ય છે, તેમાં હું નથી ને મારા કર્તાપણા વિના તેઓ કરાય છે માટે તેમના કર્તાપણાનો મને પક્ષપાત નથી.

પહેલો આધારનો બોલ કહ્યો, કેમ કે શરીર, વાણી ને મન આત્માના ક્ષેત્રે રહ્યાં છે ને! તેથી તેનો આધાર કોણ છે?—કે તેનો આધાર અચેતનદ્રવ્ય છે, હું આધાર નથી. પછી તેના કારણની વાત કરી કે શરીર, વાણી ને મન કારણવાળાં છે, અચેતનદ્રવ્ય તેનું કારણ છે, તે હું નથી.

અનંત દ્રવ્યો છે તે અનંતપણે ક્યારે રહે?—કે પોતપોતાના ક્ષેત્રે પરની અપેક્ષા રાખ્યા વિના સ્વતંત્રપણે રહે ત્યારે અનંતપણે રહે. આહાહા! શું ટીકા! માર્ગ ખુલ્લો કરી નાખ્યો છે. કહે છે કે શરીર, વાણી ને મનની ભિન્ન ભિન્ન અવસ્થા દેખાય તેથી

તેમાં આધાર, કારણ કે કર્તા હું છું–તો એમ નથી. કેમ કે તે તે સમયની ભિન્ન ભિન્ન અવસ્થામાં આધાર, કારણ ને કર્તા તેનું અચેતનદ્રવ્ય છે, હું તેમાં નથી.

આહાહા! જરા ધીરજ જોઈએ, શાંતિથી અંદર લક્ષમાં આવે તો આ વાત બેસે. સ્વતંત્રપણે, તેના ક્રમબદ્ધમાં શરીર આદિની અવસ્થા અચેતનદ્રવ્ય વડે કરાય છે. હું તેનો કર્તા નથી. હું કર્તા વિના પણ શરીર, વાણી ને મનની ક્રિયા કરાય છે, માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું અત્યંત મધ્યસ્થ થાઉં છું.

હવે કહે છે કે હું તેનો પ્રયોજક પણ નથી. શરીર, વાણી ને મનને કરનારું એવું જે અચેતનદ્રવ્ય તેનો પ્રયોજક હું નથી. હું તેની યોજના કરું છું એમ નથી. તને એમ લાગતું હોય કે મારી હયાતી છે માટે શરીર, વાણી ને મનની હયાતી છે તો એમ નથી. શરીર, વાણી ને મન ભલે તેઓ વડે કરાય છે પણ હું તેનો પ્રયોજક તો છું ને? કરાવનાર તો હું છું ને?–કે ના, ના. શરીર, વાણી ને મનને કરનારું એવું જે અચેતનદ્રવ્ય તેનો પ્રયોજક તું નથી.

મુનિ થતી વખતે કપડા છોડવાની જે શરીરની ક્રિયા થાય છે એ નગ્ન દશા થવાની ક્રિયા અચેતનદ્રવ્યની છે. હું તેનો અનુમોદક નથી. શરીરની ક્રિયાનો આધાર તો નથી, કારક તો નથી, કર્તા તો નથી, પ્રયોજક તો નથી પણ એ ક્રિયા થઈ તેનો અનુમોદક પણ હું નથી—એમ ધર્મી શરીરાદિ પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થ છે.

ક્રમબદ્ધમાં શરીરની ક્રિયાને તે સમયે કરનારું અચેતનદ્રવ્ય છે, તે ક્રિયા તે સમયે થાય છે તેમાં હું અનુમોદક પણ શું? જે થાય જ છે તેનો અનુમોદક શું? સમ્યગ્દષ્ટિ ભરત–બાહુબલી યુદ્ધમાં જોડાયા, ચક્ર ફેંકે છતાં એ ક્રિયા મારી નથી એમ સમજે છે, એ ક્રિયા થાય તેનો અનુમોદક હું નથી. 'ઠીક ત્યારે શરીરની ગમે તે ક્રિયા થવા દો!' –અરે ભાઈ! જેને એ ક્રિયાનું કર્તાપણું ભાસતું નથી તેને તેના અચેતનદ્રવ્યથી ગમે તે ક્રિયા પણ થતી નથી.

શરીર, વાણી ને મનની ક્રિયા તેના અચેતનદ્રવ્યથી કરાયેલી છે, તેનો હું અનુમોદક નહીં. મારા અનુમોદન વિના પણ તેઓ ખરેખર કરાય છે. તે તે સમયે દેહ ને વાણીની ક્રિયા તેના વડે કરાય છે. જે સમયે જે અચેતનની ક્રિયા તેનાં વડે કરાય છે–થાય છે તેને આઘી–પાછી કરવા કોઈ સમર્થ નથી. હું કર્તાના અનુમોદક હોયા વિના પણ શરીર, વાણી ને મનની ક્રિયા અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય છે. મારા કર્તાના અનુમોદકપણા વિના પણ શરીર વાણી ને મનની ક્રિયા અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના અનુમોદકપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું. સંતો કહે છે કે હું આ પ્રત્યક્ષ જ્ઞાયક પરની ક્રિયાના કાર્યમાં મધ્યસ્થ છું.

[ અસંગી દ્રવ્યસ્વભાવને ઉગ્રપણે...ટાઈટલ પાનું ૨ થી ચાલુ ]
સ્વાનુભૂતિરૂપ જે સ્વભાવ તેની પાસે આજે પર્યાય જાય છે. આજે અમે અમારી પરમશ્રીરૂપી કામિનીના લગ્ન-મંડપમાં જઈ રહ્યા છીએ, માટે વિદાય આપ.

અહો! જાણે આપણી નજર સમક્ષ કોઈ જીવ આત્મભાન પૂર્વક દીક્ષા લેવા જઈ રહ્યો હોય એવું દૃશ્ય, આ ગાથાની ટીકામાં આચાર્યદેવે ખડું કરી દીધું છે! કેવી અદ્‌ભુત શૈલી છે કે શ્રમણ થવા ઇચ્છનારની વૈરાગ્ય દશાનું વર્ણન સાંભળતાં મુમુક્ષુજીવો પણ, એવો અપૂર્વ અવસર અમને આવે તેમ ભાવના ભાવવા લાગે છે.

વડીલો કે સ્નેહીજનોની સંમતિપૂર્વક જ મુનિદશા અંગીકાર કરવાનો કોઈ નિયમ નથી. ભરતચક્રવર્તીના સેંકડો રાજપુત્રો રમતાં રમતાં ભગવાનના સમવશરણમાં જઈને દીક્ષિત થઈ ગયા હતા. જ્યારે વરાંગકુમારે દીક્ષા લેતા પહેલાં તીવ્ર મમત્વ ધરાવતાં માતા-પિતાને વૈરાગ્યભર્યું સંબોધન કર્યું હતું કે :

હે પિતાજી! હે માતાજી! જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર મનુષ્ય બહાર ભાગવાનો પ્રયત્ન કરે છે, પણ શત્રુ હોય છે તે તેને પકડીને ફરી આગમાં ફેંકે છે. તેમ મોહની-જ્વાળાથી ભડભડતો આ સંસાર છે, તે સંસાર-દુઃખની અગ્નિજ્વાળાથી હું બહાર નીકળવા માગું છું, ત્યારે આપ કોઈ શત્રુની જેમ મને ફરીને અગ્નિજ્વાળામાં ન ફેંકશો, ઘરમાં રહેવાનું ન કહેશો.

જેવી રીતે મોજાંઓથી ઊછળતા ભીષણ સમુદ્ર વચ્ચેથી અથાગ પ્રયત્ન પૂર્વક તરતો કોઈ પુરુષ કિનારા સુધી આવ્યો અને કોઈ શત્ર તેને ધક્કો દઈને પાછો સમુદ્રમાં હડસેલે; તેમ હે માતા-પિતા! દુર્ગતિના દુઃખોથી ભરેલાં આ ઘોર સંસારસમુદ્રમાં અનાદિથી ડૂબેલો હું વૈરાગ્ય વડે અત્યારે માંડ-માંડ કિનારા પર આવ્યો છું, તો ફરીને આપ મને એ સંસાર સમુદ્રમાં ન પાડશો, ઘરમાં રહેવાનું ન કહેશો.

કોઈ મનુષ્ય શુદ્ધ, સ્વાદિષ્ટ, સ્વચ્છ અમૃત જેવા મિષ્ટાન્ન જમતો હોય ને શત્રુ તેમાં ઝેર ભેળવી દે; તેમ હું અત્યારે સંસારથી વિરક્ત થઈને, મારા અંતરમાં ધર્મરૂપી પરમ અમૃતનું ભોજન લેવા તત્પર થયો છું, તે વખતે તેમાં રાજ્યલક્ષ્મીના ભોગવટાનું વિષ ભેળવીને આપ શત્રુકાર્ય ન કરશો.

મારા અંતરમાં અત્યારે શુદ્ધોપયોગની પ્રેરણા જાગી છે ને મારું મન સર્વતઃ વિરક્ત થયું છે. માટે હે માતા! હવે મને રજા દે, રોવું હોય તો એકવાર રોઈ લે, પણ અમારો આ કોલ-કરાર છે કે હવે અમે ફરી માતા નહીં કરીએ.

આ રીતે કેટલાક જીવો મુનિ થયાં પહેલાં વૈરાગ્યનાં કારણે કુટુંબને સમજાવવાની

ભાવનાથી વૈરાગ્ય-પ્રેરક સંબોધન કરે છે; ને તે વૈરાગ્યયુક્ત વચનો સાંભળીને, કુટુંબમાં કોઈ નિકટ મોક્ષગામી જીવ હોય તો તે પણ વૈરાગ્ય પામે છે.

પછી, જેમ ભયભીત કાચબો પોતાના સર્વાંગને પોતાનામાં જ સંકોચી લે છે, તેમ સંસારથી ભયભીત એવો તે વિરક્ત જીવ પોતાનો ઉપયોગ સમસ્ત ઇન્દ્રિયોથી સંકોચીને પોતાનામાં જ એકાગ્ર થવા, શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધક આચાર્યની પાસે જઈને કહે છે કે "પ્રભો! શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી મને અનુગૃહીત કરો." ને સંસારથી વિરક્ત, મોક્ષમાર્ગમાં વિચરવાની ઉગ્ર ભાવનાવંત તે જીવને શ્રીગુરુ દીક્ષા આપતાં આ પ્રમાણે કહે છે કે "આ તને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ હો."

## 卐 જાણે નાનકડા સિદ્ધભગવાન 卐

અહા! આઠ વર્ષનો એ નાનકડો રાજકુમાર જ્યારે દીક્ષા લઈને મુનિ થાય ત્યારે વૈરાગ્યનો એ અદ્ભુત દેખાવ! આનંદમાં લીનતા! જાણે નાનકડા સિદ્ધભગવાન ઉપરથી ઊતર્યા! વાહ રે વાહ! ધન્ય એ મુનિદશા!

જ્યારે એ નાનકડા મુનિરાજ બે-ત્રણ દિવસે આહાર માટે નીકળે ત્યારે આનંદમાં ઝૂલતાં ઝૂલતાં ધીમે ધીમે ચાલ્યા આવતા હોય, યોગ્ય વિધિનો મેળ ખાતાં આહારગ્રહણ માટે નાનકડા બે હાથની અંજલિ જોડીને ઊભા હોય, અહા! એ દેખાવ કેવો હશે!

પછી તો એ આઠ વર્ષના મુનિરાજ આત્માના ધ્યાનમાં લીન થઈને કેવળજ્ઞાન પ્રગટાવીને સિદ્ધ થઈ જાય.—આવી આત્માની તાકાત છે. અત્યારે પણ વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરાદિ ભગવાન પાસે આઠ આઠ વર્ષના રાજકુમારોની દીક્ષાના આવા પ્રસંગ બને છે.

—ગુરુદેવશ્રીનાં વચનામૃત

# 卐 ચૈતન્યદેવને દેખ 卐

ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને!—આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ. ૩૯૭.

[ વચનામૃત પ્રવચન, ભાગ-૪ ]

**'ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું.'**

અહા! આ બોલમાં એકલું માખણ છે. સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત દિવ્ય ગુણોથી ભરપૂર જે આ નિજ ચૈતન્ય—ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયક આત્મા—તે જ મારો દેવ છે;—એવું અંદર જોર આવ્યા વિના, અંતરમાં તેનું માહાત્મ્ય લાગ્યા વિના, દૃષ્ટિ ત્યાં જામશે નહિ. દૃષ્ટિના વિષયભૂત જે નિજ શુદ્ધ જ્ઞાયક દેવ, તેને જ હું દેખું છું; મેં તેનો જ આશ્રય ગ્રહણ કર્યો છે. અંતરમાં આ એક જ કામ કરવાનું છે, બાકી બહારમાં કોઈ કોઈનું શું કરી શકે? દિવ્ય શક્તિનો સ્વામી આત્મા પોતાની પર્યાય સિવાય શરીર, વાણી વગેરે પુદ્ગલ-પર્યાયોમાં કાંઈ કરી શકતો નથી. 'પરનું હું કરી શકું છું'—એમ માનવું તે ભ્રાન્તિ છે. જેમ આત્મા પરમાં કાંઈ કરી શકતો નથી, તેમ દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પર પણ આ આત્માનું કાંઈ કરી શકતાં નથી. અહા! આવી વાત છે.

આત્મામાં દેવ-શાસ્ત્ર-ગુરુનું જે જ્ઞાન થાય તે જ્ઞાનપર્યાય પણ પરલક્ષી છે; ત્યાં પણ દૃષ્ટિ, ધ્યાન કે જોર દેવા જેવું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પરદ્રવ્ય છે, તેમના તરફ આત્માએ લક્ષ કે જોર આપવા જેવું નથી. સ્વદ્રવ્ય એટલે કે નિજ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવ પર જ લક્ષ, ધ્યાન ને જોર દેવા જેવું છે. દેખવા, શ્રદ્ધવા ને અનુભવવા યોગ્ય તો મારો એક શુદ્ધ ચૈતન્યદેવ છે; તેને જ હું દેખું છું. મને મારી દૃષ્ટિમાં નિજ ધ્રુવ શુદ્ધ ચૈતન્યસામાન્યનો જ—જ્ઞાયક એક શુદ્ધ પરમભાવનો જ—સ્વીકાર છે, તે સિવાય ગુણભેદનો, અધૂરી-પૂરી પર્યાયનો, શુભાશુભ વિભાવનો કે નિમિત્તનો નહિ. શું દેખનાર એવા નિજ

ચૈતન્યને જ આશ્રયરૂપે દેખું છું, પણ પરને, પુણ્યપાપના વિભાવને કે અધૂરી-પૂરી પર્યા
આશ્રયરૂપે દેખતો નથી; તેમના પ્રત્યે આશ્રય તરીકેનું જોર દેવા જેવું નથી. સમજ
કાંઈ? અહા! 'વચનામૃત'માં ઘણું ભરી દીધું છે. અન્યમતીઓના હાથમાં આ પુસ
જાય છે; તેઓ વાંચે છે અને વાંચતાં તેમને એમ થાય છે કે 'અહા, આ તે શી ચી
છે!' ભાવનગરથી અર્ધમાગધીના એક પ્રોફેસર આવ્યા હતા. તેમને આ પુસ્તક આપ્
લઈ જઈને તેમણે વાંચ્યું. તે લખે છે કે—'મહારાજશ્રી! આપનાં કરકમળે
'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક મને આપ્યું તેમાં એકે-એક પેરેગ્રાફ રતનનાં નિધાન
ભરેલો છે.' અહા! આવી એ વસ્તુ છે.

**'બીજું કાંઈ મને દેખાતું જ નથી ને!—આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્ય
જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે.'**

અંતરમાં નિત્યાનંદથી પરિપૂર્ણ જે જ્ઞાયક વસ્તુ તે જ મારો દેવ છે; તેને જ-
જ્ઞાનાદિ અનંત ગુણરૂપ ચમત્કારી દિવ્યતાથી સદા ભરપૂર મારા જ્ઞાયક દેવને જ—
આશ્રય તરીકે દેખું છું. 'જ' શબ્દ મૂકીને એમ કહે છે કે સાધકદશાના આલંબન
જ્ઞાયકભાવ સિવાય બીજું કાંઈ—દેવ-શાસ્ત્ર-ગુરુ કે વ્રત-તપ-ભક્તિ વગેરે—મને દેખા
જ નથી ને!—આવું જ્ઞાયક ઉપર જોર અંતરમાંથી આવે, નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય
જ અધિકતા રહે, તો જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતા વગેરે બધું નિર્મળ થતું જાય છે.

જ્યાં દેખું ત્યાં, અંદર અભિપ્રાયમાં આલંબનભૂત નિજ દ્રવ્યસામાન્યની અધિક
હોવાથી, નિજ જ્ઞાયક દેવને જ દેખું છું. અન્યમતમાં કહે છે ને—

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવન સફળ તબ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે,
ઓધા જીવનદોરી અમારી રે.

—પણ હરિ કયો? નિજ જ્ઞાયક દેવ જ પોતાનો 'હરિ' છે. તેના આશ્રયે, તે
ઉપર દૃષ્ટિ દેવાથી, મોહરાગદ્વેષ આદિ સમસ્ત પાપસમૂહનું હરણ—ટળવું થાય છે, તે
તે જ સાચો 'હરિ' છે. મારા હરિને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું
નથી ને!—અહાહા! અંતરમાં એવું જ્ઞાયક દ્રવ્ય ઉપર જોર આવે, આશ્રયમાં નિ
દ્રવ્યસ્વભાવની જ અધિકતા રહે—નિમિત્તની, રાગની, જ્ઞાનના ઉઘાડની, અરે! પ્રગટના
નિર્મળ પર્યાયની પણ અધિકતા ન રહે—તો પર્યાયમાં બધું નિર્મળ થતું જાય
પર્યાયમાં નવનવી નિર્મળતા વધતી જાય છે. અહા! આવી વાત છે. અરે! આ દેહ
સ્થિતિ! દેહાદિ પરને દેખવાનું તો રહેવા દે, પણ દેખનારની જે દેખવારૂપ પર્યાય
તેને પણ જોવાનું રહેવા દે—આમ કેવળ દ્રષ્ટા એવા નિજ જ્ઞાયક દ્રવ્ય ઉપર જોર આ

પર્યાયમાં જ્ઞાયકદેવની જ અધિકતા જણાય તો પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે બધું નિર્મળ થતું જાય છે. અહા! જુઓ આ પેરેગ્રાફ!

'પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા.'

પોતે જે બહારમાં—નિમિત્ત, રાગ ને પર્યાયમાં લક્ષ કરીને—રખડતો હતો તે જ્યાં પોતાના જ્ઞાનઘરમાં ગયો, જ્યારે પર્યાયને સ્વસન્મુખ કરી નિજ જ્ઞાયકમાં પ્રવેશ્યો, અનંત અનંત નિધાન—ગુણરતનના ઓરડા—જેમાં ભર્યાં છે એવા નિજ જ્ઞાયક બાદશાહને જ્યાં દેખવા લાગ્યો, 'આ ચૈતન્ય જ મારો દેવ છે' એમ જ્યાં જોયું, દ્રવ્ય ઉપર જોર આવ્યું, ત્યાં પરદ્રવ્ય ને રાગાદિ વિભાવ સાથે એકતાબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા, ફીકા થઈ ગયા. અરે! આવો ઉપદેશ! મારગ તો આ છે. પ્રભુ! તારી પ્રભુતા અનંત ગુણની મોટપથી બિરાજે છે. જેણે અનંત અનંત ગુણના ભંડારસ્વરૂપ નિજ ચૈતન્યદેવને ભાળ્યો, જોયો ને અનુભવ્યો, તેને જગતના બીજા રસ તૂટી જાય છે—ઢીલા પડી જાય છે. તેને રાજ્ય કે રાણી પ્રત્યેનો રસ ઢીલો પડી જાય છે. આસક્તિનો રાગ જરા રહે પણ તેને આસક્તિનો રસ રહેતો નથી.

'સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી.'

આનંદકંદ નિજ ભગવાન આત્માના સહજ સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં—સંસારના રાગાદિ વિભાવરસમાં—અનંતી મોળાશ આવી ગઈ. ભલે અસ્થિરતા થોડી રહી, પણ તેમાં મોળાશ આવી ગઈ. મીંદડીની કેડ ભાંગે તે પછી તે ચાલે, પણ ચાલમાં જેમ મોળાશ આવી જાય છે, તેમ રાગ સાથે એકત્વબુદ્ધિની કેડ ભાંગી ગયા પછી અસ્થિરતાના રાગાદિ આવે, પણ તેમાં અનંતી મોળાશ આવી જાય છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે—અતીન્દ્રિય આનંદનો નાથ જે નિજ જ્ઞાયકદેવ તેના સ્વરૂપનો રસ પ્રગટતાં—રસનો અર્થ છે જ્ઞાનનું એક વિષયમાં એકાકાર થવું—અન્ય રસમાં અનંતી મોળાશ આવી જાય છે. સમયસારમાં પં. જયચંદ્રજીએ કહ્યું છે: 'સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઇચ્છા ન રહે તે રસ છે.' અહીં કહે છે કે—સ્વરૂપનો રસ પ્રગટ થતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી ગઈ.

એક વાર, ઘણાં વર્ષ પહેલાં—સંસારમાં હતા ત્યારે—ભાવનગર ગયેલા. ત્યાં ધ્રુવનું નાટક જોયું હતું. ધ્રુવ, રાજાનો કુંવર હતો; તેની નાની ઉંમરમાં મા મરી ગઈ. સંસાર પ્રત્યે વૈરાગ્ય થવાથી, નાની ઉંમરમાં સંન્યાસી થઈ ગયો. તેને સંન્યાસથી ચળાવવા માટે સ્વર્ગમાંથી અપ્સરા આવે છે. અપ્સરા શરીરની વિવિધ પ્રકારે કામોત્તેજક ચેષ્ટાઓ કરીને કહે છે: હે કુમાર! અમારા આ સુંદર શરીર સામું તો જો! કેવાં કોમળ અમારાં અંગ છે? ધ્રુવ કહે છે: હે માતા! મારે હવે ભવ કરવો નથી, પણ કદાચિત ભવ થાય તો

તારી કૂખે અવતાર લઈશ, એ સિવાય બીજી વાત ન કરીશ. અહા! વૈરાગ્યનો એ દેખાવ!—એમ જેને અંતરમાં આનંદનો રસ લાગ્યો છે તેને બહારની કોઈ ચીજ લલચાવી કે ખેંચી શકે એમ નથી; તેને તો અંતરમાં સ્વભાવનું ખેંચાણ થઈ ગયું છે. અહા! ધર્મ તો કોઈ અપૂર્વ ચીજ છે. સાધારણ દયા પાળે કે દાનાદિ કરે એ કાંઈ ધર્મ નથી. પરની દયા કોણ પાળે? દયાના ભાવ તો શુભ રાગ છે, શુભ રાગ પણ આત્માની હિંસા છે. શુભાશુભ રાગ રહિત આત્માની વીતરાગ પરિણતિ તે જ ખરી અહિંસા છે. અહા! વીતરાગની અહિંસા કોઈ અલૌકિક છે. અહીં કહે છે કે—જેને અંતરમાં સ્વરૂપનો રસ પ્રગટ્યો તેને બહારના અન્ય રસમાં અનંતી મોળાશ આવી જાય છે.

'ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો.'

દેહ ને રાગાદિ વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયક દ્રવ્ય ઉપર જોર આવતાં, નિજ શુદ્ધ દ્રવ્યસામાન્યની જ અધિકતા ભાસતાં, જીવ અંતરમાં ન્યારો, બધાથી—આખા સંસારથી—અભિપ્રાયમાં ન્યારો થઈ જાય છે, તેને સંસારનો રસ અનંતો ઘટી જાય છે.

'દિશા આખી પલટાઈ ગઈ.'

દશાની દિશા જે પર તરફ હતી,—લક્ષ પર ને વિભાવ તરફ હતું,—તે પલટીને સ્વ તરફ થઈ ગઈ. અહા! પરિણતિની દિશા પલટતાં આખી દશા જ ફરી ગઈ. દ્રવ્ય ઉપર જોર આપતાં દશામાં બધું નિર્મળ થવા લાગ્યું. —*—


એલ્યુમિનિયમનાં પત્ર પર ઇમ્બોઝ કરેલ

## 卐 બહેનશ્રીનાં વચનામૃત 卐

(ગુજરાતી)

રંગીન એલ્યુમિનિયમનાં પુસ્તકપ્રમાણ પાનાં ઉપર 'બહેનશ્રીનાં વચનામૃત' (ગુજરાતી) ઇમ્બોસ થઈને આવી ગયાં છે. તે પાનાં સાચવવાં માટે એલ્યુમિનિયમની મજબૂત પેટી પણ બનાવવામાં આવી છે. પાનાંની સંખ્યા ૧૭૫ છે. પેટી સહિત તે બધાંની કિંમત રૂા. ૧૦૦૦ એક હજાર રાખવામાં આવી છે. પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ જેનો મહિમા ઘણો ગાયો છે અને જેના ઉપર પોતે ભાવવિભોર થઈને પ્રવચનો પણ આપ્યાં છે એવો આ અમૂલ્ય ગ્રંથ, અંગત કે મંડળના સરસ્વતી-ભંડારમાં ખાસ વસાવવા જેવો છે; જેથી સેંકડો વર્ષ સુધી ભાવી પેઢીને પણ તેનાં દર્શન-મહિમાનો લાભ મળે.

પ્રાપ્તિસ્થળ :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

(તા. ૩૦-૧૦-૮૮)

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અધ્યાત્મ-સાધનાતીર્થમાં—સુવર્ણપુરી તીર્થક્ષેત્રમાં—દૈનિક ધાર્મિક ગતિવિધિ સુચારુરૂપે યથાવત્ પ્રવર્તી રહી છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા પછી ૮ાા થી ૯ાા પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસારના 'પૂર્વરંગ' પર સત્તરમી વારનું અધ્યાત્મરસપૂર્ણ અદ્‌ભુત ટેઇપ-પ્રવચન, ૯ાા થી ૧૦ાા મુમુક્ષુઓ માટે 'મોક્ષમાર્ગપ્રકાશક' પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે ૩ાા થી ૪ાા શ્રી સમયસારના 'મોક્ષ અધિકાર' પર શાસ્ત્રપ્રવચન, ત્યાર પછી જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ. રાત્રે ૭ાા થી ૮ાા પૂજ્ય ગુરુદેવશ્રીનું 'સમયસાર-કલશટીકા' પર ૧૯૬૭નું ભાવવાહી ટેઇપ-પ્રવચન અને ત્યાર પછી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમના સ્વાધ્યાયભવનમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા—એ પ્રમાણે કાર્યક્રમ સુંદર રીતે ચાલી રહ્યો છે.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન શુદ્ધાત્મસાધના સહ સુખ-શાંતિમાં બિરાજે છે. છેલ્લા દોઢેક માસથી શારીરિક સ્વાસ્થ્ય જરા ઢીલું હતું, હવે તેમાં સારો સુધારો છે. સ્થાનિક મુમુક્ષુઓ તેમ જ સમાગત મહેમાનો તથા યાત્રાળુઓને તેમનાં પવિત્ર દર્શનનો લાભ બરાબર મળે છે.

* ચરમ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુના નિર્વાણકલ્યાણકનો વાર્ષિક મહોત્સવ તા. ૫-૧૧-૮૮, શનિવાર થી ૯-૧૧-૮૮, બુધવાર ) પાંચ દિવસ સુધી શ્રી પંચકલ્યાણક-પૂજાવિધાનપૂર્વક આનંદોલ્લાસથી ઊજવવામાં આવ્યો હતો.

* નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ કારતક સુદ-૭, બુધવાર, તા. ૧૬-૧૧-૮૮ થી કારતક સુદ-૧૫, બુધવાર તા. ૨૩-૧૧-૮૮ સુધી 'શ્રી પંચમેરુનંદીશ્વર મંડલવિધાનપૂજા', અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના, જિનેન્દ્રભક્તિ ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં રૂા. ૫૦૦૧ શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી, કાંદિવલી—તરફથી સંસ્થાના વિવિધ ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

## વૈરાગ્ય સમાચાર :—

* ઉમરાળાનિવાસી હરિજન ભાઈશ્રી શામદાસજી (વર્ષ–૭૦ લગભગ) ભાદરવા સુદ ૧૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ હરિજનોના ગુરુ ગણાતા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં આવતા તેઓએ સત્યવાણીથી પ્રભાવીત થઈ દિગમ્બર ધર્મ અપનાવ્યો હતો અને તેમના સમાજમાં ઘણો પ્રચાર કરીને અનેક હરિજન ભાઈઓને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમમાં લાવીને અનેક હરિજન ભાઈઓને રાત્રિભોજનત્યાગ, કંદમૂળત્યાગ અને ખેતીમાં વપરાતી જંતુનાશક દવાઓ ખેતી માટે વાપરવાનો ત્યાગ કરાવીને તેમને દિગમ્બર ધર્મના ચુસ્ત અનુયાયીઓ બનાવ્યા હતા.

* સાગરનિવાસી શ્રી ઉદયચંદ જૈન ( વર્ષ–૫૭ ) તા. ૨–૧૦–૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી ગંગાબેન રતીલાલ પારેખ ( વર્ષ–૭૫ ) ભાદરવા વદ ૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કુરાવડનિવાસી શ્રી બ્ર. ઝમકલાલજીના માતાજી ( વર્ષ–૮૦ ) સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી શ્રી મકનજીદાદાના પુત્રી શ્રી ચંપાબેન ( સોનગઢવાળા ) તા. ૧૯–૧૦–૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જમશેદપુરનિવાસી શ્રી પ્રફુલ્લભાઈ નરભેરામ કામાણી ( બ્ર. કોકિલાબેન ખારાના મામા )નું તા. ૧૯–૧૦–૮૮ના રોજ અમદાવાદ નજીક થયેલ વિમાન-અકસ્માતની વૈરાગ્યપ્રેરક કરુણ ઘટનામાં દેહાવસાન થયું છે. સ્વ. શ્રી પ્રફુલ્લભાઈને પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે સારો ભક્તિભાવ હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગળ ઉપસ્થિતિમાં તેમણે 'બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન'ના શિલાન્યાસનો ભક્તિ તેમ જ ઉદારભાવથી ઉલ્લાસ સહ લાભ લીધો હતો. પ્રસંગોપાત તેઓ સોનગઢ આવતા અને પૂજ્ય ગુરુદેવનાં દર્શન-પ્રવચનથી તથા પૂજ્ય બહેનશ્રીનાં દર્શન વગેરેથી ખૂબ પ્રમુદિત થતા હતા; અને ફરી ફરીને આવવાની ભાવના વ્યક્ત કરતા હતા. તે પ્રશસ્ત ભાવનાના ફળરૂપે સ્વર્ગસ્થ આત્મા શીઘ્ર શાશ્વત આત્મશાન્તિને પ્રાપ્ત થાઓ—એ જ વૈરાગ્યભાવભીની અંજલિ.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

વાર્ષિક સમાધિદિન-નિમિત્ત અધ્યાત્મતીર્થ સોનગઢમાં પાંચ દિવસીય

# * ધાર્મિક કાર્યક્રમ *

અધ્યાત્મમાર્ગપ્રકાશક, પરમ-તારણહાર, પરમકૃપાળુ, પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સમાધિનો આઠમો વાર્ષિક દિન સં. ૨૦૪૫, કારતક વદ ૭, બુધવાર, તા. ૩૦-૧૧-૮૮ના રોજ છે. પરમોપકારી પૂજ્ય ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨૬-૧૧-૮૮, શનિવારથી તા. ૩૦-૧૧-૮૮, બુધવાર—પાંચ દિવસ સુધી, 'ધાર્મિક કાર્યક્રમ'—શ્રી પંચપરમેષ્ઠિ મંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપ-પ્રવચન, સમાગત ગુરુભક્ત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન તેમ જ ધાર્મિક શિક્ષણવર્ગ આદિ વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ 'ધાર્મિક કાર્યક્રમ' પ્રસંગે ગુરુભક્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું સહૃદય આમંત્રણ છે. 'પૂજ્ય-ગુરુદેવશ્રી કાનજીસ્વામી-ઉપકારસ્મૃતિ'ના આ વાર્ષિક પ્રસંગે પધારવાથી આપ સર્વને સાધનાતીર્થ સુવર્ણપુરીના ભવ્ય જિનાયતન તેમ જ તેમાં બિરાજમાન શ્રી વીતરાગ જિનબિંબોના પાવન દર્શન-પૂજન-ભક્તિનો તથા સ્વાનુભૂતિવિભૂષિત ગુરુભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના દર્શનનો પણ અમૂલ્ય લાભ પ્રાપ્ત થશે.

## નવું પ્રકાશન :—

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| મોક્ષમાર્ગ પ્રકાશક (પં. ટોડરમલજી) હિન્દી | ૧૦ | જૈનસિદ્ધાંત પ્રવેશિકા (મોટી) હિન્દી | ૨ |
| [illegible] (સચિત્ર) હિન્દી | ૩ | આત્માનુશાસન (શ્રી ગુણભદ્રાચાર્ય) ગુજરાતી | ૧૦ |
| [illegible] (સચિત્ર) ગુજરાતી | ૩ | પંચાધ્યાયી ગુજરાતી | [illegible] |
| [illegible] પર પ્રવચન ગુજરાતી | ૫ | બહેનશ્રી ચંપાબહેન અભિનંદન ગ્રંથ | [illegible] |
| જૈનસિદ્ધાંત પ્રવેશિકા (મોટી) ગુજરાતી | ૨ | ઇષ્ટોપદેશ (શ્રી પૂજ્યપાદાચાર્ય) ગુજરાતી | [illegible] |

### પ્રેસમાં

| | |
|---|---|
| [illegible] પ્રવચન (ભાગ ૧ થી ૫ ગુજરાતી) | અષ્ટપાહુડ ગુજરાતી |
| સમાધિતંત્ર (શ્રી પૂજ્યપાદાચાર્ય) ગુજરાતી | નંદીશ્વર-પૂજન-ભજન ગુજરાતી |

# * સમ્યક્ત્વમાં પાંચે—સમવાય *

* એકલો પુરુષાર્થ કરું...પુરુષાર્થ કરું....કરું....કરું...કરું...એવી એકાંત પુરુષાર્થની બુદ્ધિ રહે—એકાંત પુરુષાર્થબુદ્ધિ રહે તે પણ મિથ્યાત્વ-ભાવ છે. પાંચ સમવાયનું ભેગું આવવું જોઈએ. તે પાંચે સમવાયનું સાથે આવે ત્યારે તે સહજરૂપ પુરુષાર્થથી સમ્યગ્દર્શનને પામે.

—પૂજ્ય ગુરુદેવશ્રી [ તા. ૬-૯-૬૭ ]

* રાત ને દિવસ તેની (–આત્માની) ધગશ લાગે, તેની લગની લાગે, તો ભેદજ્ઞાનની ધારા અંદર ચાલે—હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો ને જુદો હું જ્ઞાયક છું. ગોખવા પૂરતું નહિ પણ સ્વભાવને ઓળખીને અંદર ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે ને તેમાં લીનતા કરે, તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. તે માર્ગ બધો પૂજ્ય ગુરુદેવે ખુલ્લો કર્યો છે. —પૂજ્ય બહેનશ્રી [ દૃષ્ટિનાં નિધાન ]

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-

વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૧૦૦

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012